રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 255 | Dt. 26-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

સમર્પણ-સેવાભાવને ઉજવવાની તક

મન કી બાતના ૧૩૯માં એપિસોડમાં દેશવાસીઓને વડાપ્રધાનનું સંબોધન



નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત' ના ૧૩૯મા એપિસોડમાં દેશવાસીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે આ કાર્યક્રમને દેશના લોકોના પરિશ્રમ, સમર્પણ અને સેવાભાવને ઉજવવાની તક ગણાવી હતી. ૧૨ વર્ષ પહેલાં વિજયાદશમીના પવિત્ર તહેવાર પર શરૂ થયેલી 'મન કી બાત'ની સફર સતત ચાલુ છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે. પંજાબમાં 'ખેતી વિરાસત મિશન' હેઠળ 'નવ-ત્રિજણ' પહેલ શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત રસાયણમુક્ત ઓર્ગેનિક અને કુદરતી રંગોવાળા કપાસની ખેતી થાય છે.આ કપાસમાંથી કાપડ વણવા માટે એક વણાટ શાળા પણ ખોલવામાં આવી છે, જેનાથી અનેક મહિલાઓને રોજગારી મળી છે અને તેઓ શાલ, ટુવાલ વગેરે બનાવીને આર્થિક રીતે સદ્ધર બની છે.

ઉત્તરાખંડના ટિહરી ગઢવાલમાં લોકોએ ભેગા મળીને સૂકાઈ રહેલી 'હેવલ' નદીને પુનર્જીવિત કરી છે. આ પ્રયાસોથી અન્ય પ્રાકૃતિક જળસ્રોતોને પણ નવું જીવન મળ્યું છે. આગામી દિવાળી અને છઠ પૂજા નિમિત્તે વડાપ્રધાને સ્વચ્છતા જાળવવા પર ભાર મૂક્યો હતો.

બિહારના પૂર્ણિયાના મખાના અને કર્ણાટકના કલબુર્ગીની તુવેર દાળ હવે વિદેશમાં પણ નિકાસ થઈ રહી છે.વડાપ્રધાને ઉત્પાદનોના આકર્ષક પેકેજિંગ પર ભાર મૂક્યો. મહારાષ્ટ્રના આદિવાસી સમુદાયો દ્વારા ઉત્પાદિત મધ અને વાંસની વસ્તુઓ (જેમ કે 'શબરી નેચરલ્સ')ના પેકેજિંગને જાપાનનો પ્રતિષ્ઠિત 'ગુડ ડિઝાઇન એવોર્ડ' મળ્યો છે.

ખાદી ગ્રામોદ્યોગનું વેચાણ આ વર્ષે ગાંધી જયંતિ પર ₹૨૮ કરોડને પાર કરી ગયું હતું. 'ઈ-સંજીવની' યોજના દ્વારા અત્યાર સુધીમાં ૫૦ કરોડ જેટલા લોકોએ ઓનલાઇન મેડિકલ કન્સલ્ટેશન લીધું છે. આ સુવિધાનો લાભ આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપ જેવા અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો પણ લઈ રહ્યા છે. આઈઆઈટી (IIT) મદ્રાસમાં 'સુધા ગોપાલકૃષ્ણન બ્રેન સેન્ટર'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જ્યાં માનવ મગજનો વિગતે અભ્યાસ થશે અને અલ્ઝાઈમર જેવી બીમારીઓના ઈલાજ માટે સંશોધન થશે. આઈઆઈટી મદ્રાસના યુવાનો ગોલ્ડ (સોના)ની શુદ્ધતા ચકાસવા, બેંક ફ્રોડ રોકવા, અને કેન્સરના નિદાન માટે અંઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) નો ઉપયોગ કરી રહ્યા છે. વડાપ્રધાને ફાઈબર ઓપ્ટિક્સના પિતામહ, નરિન્દર સિંહ કપાનીની ૧૦૦મી જન્મજયંતિ અને સરદાર પટેલની જન્મજયંતિ (એકતા દિવસ - ૩૧ ઓક્ટોબર) નિમિત્તે 'રન ફોર યુનિટી'માં જોડાવા આહ્વાન કર્યું. મેઘાલય અને નાગાલેન્ડમાં લોકો ફરીથી પરંપરાગત ધાન્ય (ખશાહહયર્તિ) ની ખેતી તરફ વળ્યા છે અને તેમાંથી વિવિધ પ્રોડક્ટ્સ બનાવી રહ્યા છે. મહર્ષિ વાલ્મિકી અને સ્વાતંત્ર્ય સેનાની ભાઈ પરમાનંદજીને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી.અંતમાં, વડાપ્રધાને દેશવાસીઓને આગામી તહેવારોની શુભકામનાઓ પાઠવી અને સુરક્ષિત રીતે તહેવારો ઉજવવા જણાવ્યું હતું.

૩૮ સ્થળોએ દરોડા પાડી ૧૭.૮૨ કરોડની સંપત્તિ જમ, ૧૮ ઝડપાયા : ૧,૪૨૪ બેંક ખાતા ફ્રીઝ કરાયા

ત્રણ રાજ્યોમાં NCBના દરોડા



નવી દિલ્હી, તા.૨૫

NCBએ પૂર્વોત્તર ભારતમાં 'ઓપરેશન ટ્રાઇડેન્ટ' હેઠળ ડ્રગ્સ તસ્કરી સામે લાલ આંખ કરી છે. મિઝોરમ પોલીસ અને ED સાથે ૨૩ ઓક્ટોબરે આસામ, મિઝોરમ અને મણિપુરના ૩૮ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા. ૧૦૦ કરોડના હવાલા વ્યવહારોનો પર્દાફાશ થયો, ૧૭.૮૨ કરોડની સંપત્તિ જમ, ૧,૪૨૪ બેંક ખાતા ફ્રીઝ કરાયા. દિલ્હીથી મુખ્ય સૂત્રધાર ચિનતુઆંગ સહિત ૧૮ આરોપીઓની ધરપકડ થઈ છે.

આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ તસ્કરી સામે લાલ આંખ કરીને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ પૂર્વોત્તર ભારતમાં એક વિશાળ ઓપરેશન પાર પાડ્યું છે. ભારત, મ્યાંમાર અને બાંગ્લાદેશ વચ્ચે ચાલતા મોટા ડ્રગ નેટવર્કને તોડી પાડવા માટે એનસીબી, મિઝોરમ પોલીસ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા સંયુક્ત રીતે 'ઓપરેશન ટ્રાઇડેન્ટ' હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી હેઠળ ૨૩ ઓક્ટોબરે આસામ, મિઝોરમ અને મણિપુરના ૩૮ સ્થળો પર એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં આશરે ૧૦૦ કરોડ રૂપિયાના શંકાસ્પદ હવાલા વ્યવહારોનો પર્દાફાશ થયો છે.

આ મેગા સર્ચ ઓપરેશન દરમિયાન તપાસ એજન્સીઓએ નાણાકીય નેટવર્ક પર તવાઈ બોલાવીને ૧,૪૨૪ જેટલા બેંક ખાતાઓ ફ્રીઝ કરી દીધા છે. આ સાથે ૧૭.૮૨ કરોડ રૂપિયાની સંપત્તિ જમ કરવામાં આવી છે. સ્થળ પરથી ૫૦૦ ડિટોનેટર અને ૧૨ લાખ રૂપિયા રોકડા પણ મળી આવ્યા છે. આ સમગ્ર ગેરકાયદે સિન્ડિકેટ સાથે જોડાયેલા ૧૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

તપાસ દરમિયાન સામે આવ્યું કે મ્યાંમાર સ્થિત આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર થંગચિનતુઆંગ ઉર્ફે ચિનતુઆંગ છે, જે ગઉજ્જ એક્ટ હેઠળ ૧૦થી વધુ કેસમાં વોન્ટેડ હતો. તપાસ ટીમોએ પીછો કરીને તેની દિલ્હીથી ધરપકડ કરી છે. આ આંતરરાષ્ટ્રીય ગેંગ મ્યાંમારથી હેરોઈન અને મેથમફેટામાઈન જેવા જીવલેણ નશાકારક પદાર્થો મિઝોરમ, મણિપુર, આસામ અને ત્રિપુરા થઈને ભારતના અન્ય રાજ્યો તેમજ બાંગ્લાદેશ સુધી સપ્લાય કરતી હતી. આ અગાઉ ઝડપાયેલા સાથીદારોની ડિજિટલ અને નાણાકીય કડીઓના આધારે આ ઓપરેશન પાર પડાયું હતું.

CJI ચંદ્રચૂડની સરકાર સામે શરણાગતિ

ન્યાયાધીશોની નિમણૂક અંગેના વલણની ટીકા કરતા પૂર્વ ન્યાયાધીશ કૌલ : નિવૃત્તિના અઢી વર્ષ બાદ પુસ્તક લખ્યું



નવી દિલ્હી, તા.૨૫

પૂર્વ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સંજય કિશન કૌલે પૂર્વ ઈઉંઈ ડી.વાય. ચંદ્રચૂડના વલણની ટીકા કરી છે. તેમણે કહ્યું કે ચંદ્રચૂડ ન્યાયાધીશોની નિમણૂકના મામલે સરકાર તરફ જરૂર કરતાં વધુ ઝૂકેલા હતા.જસ્ટિસ કૌલે પોતાની આવનારી પુસ્તક 'વિથાઉટ ફિયર ઑર ફેવર'માં સુપ્રીમ કોર્ટની છ ખાલી જગ્યાઓ ભરવા માટે યોજાયેલી કોલેજિયમ બેઠકનો ઉલ્લેખ કર્યો છે. જસ્ટિસ કૌલે કહ્યું કે કોલેજિયમે સરકારના દબાણનો વિરોધ કરવો જોઈએ. આજે નિમણૂકો પહેલાં સરકાર સાથે નામો અંગે ચર્ચા કરવાની પરંપરા બની ગઈ છે.

જસ્ટિસ કૌલે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે સરકાર સાથે વ્યવહાર કરવાની રીતને લઈને મતભેદોએ ડી. વાય. ચંદ્રચૂડ સાથેના તેમના સંબંધોમાં તણાવ પેદા કર્યો.કૌલે પુસ્તકમાં લખ્યું કે છ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની નિમણૂક અંગે વિચારણા દરમિયાન પાંચ નામો પર પહેલેથી જ સહમતિ બની ચૂકી હતી. બેઠકમાં ચંદ્રચૂડે છઠ્ઠા ઉમેદવારનું નામ રજૂ કર્યું.કૌલના જણાવ્યા મુજબ, ચંદ્રચૂડ તેમને એક અલગ રૂમમાં લઈ ગયા અને પૂછ્યું કે શું તેમણે સરકારનો અભિપ્રાય જાણવા માટે ફોન કરવો જોઈએ. કૌલે લખ્યું, ચીફ જસ્ટિસે મને અલગ રૂમમાં બોલાવ્યો અને વિચારતા કહ્યું કે શું તેમણે સરકારનું વલણ જાણવા માટે ફોન કરવો જોઈએ. શું તત્કાલીન ઈઉંઈ સરકારને ખુશ કરવાનો અથવા તેની અગાઉથી મંજૂરી લેવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમણે કહ્યું, મને નથી લાગતું કે આ સરકારને ખુશ કરવાનો પ્રશ્ન હતો. પરંતુ તેમણે અગાઉ મારી સાથે નામો અંગે ચર્ચા કરી હતી.

કૌલે કહ્યું, અમે પાંચ નામો પર સહમત હતા. મને લાગ્યું કે કોલેજિયમના બાકીના સભ્યો પણ આ નામો પર સહમત થશે. કોલેજિયમની બેઠકમાં જતાં બરાબર પહેલાં છઠ્ઠું નામ મારી સમક્ષ રજૂ કરવામાં આવ્યું.તેમણે કહ્યું, મેં કહ્યું કે આ નામ મને સ્વીકાર્ય નથી અને સ્વીકાર્ય થશે પણ નહીં. તેઓ ઇચ્છતા હતા કે હું તેમની સાથે મળીને આ નામ પર આગળ વધું. મેં કહ્યું કે જો હું એવું કરી પણ લઉં, તો બાકીના સભ્યો એવું નહીં કરે. મને કોલેજિયમના બીજા સભ્યોના વિચારોની જાણ હતી. તેથી મેં તેમને કહ્યું કે આ નામ આગળ વધી શકશે નહીં. બેઠકમાં એવું જ થયું. કદાચ તેમણે છઠ્ઠા નામ સહિત બાકીનાં નામો માટે પહેલેથી જ કોઈ પ્રકારની મંજૂરી મેળવી લીધી હતી.

તેઓએ જણાવ્યું હતું કે દુર્ભાગ્યે નામો અંગે સરકાર સાથે અગાઉ કોઈ પ્રકારની ચર્ચા કરવાની પ્રથા બની ગઈ છે. મને લાગે છે કે આવું અગાઉ પણ થતું આવ્યું છે અને આગળ પણ થતું રહેશે. આ જ બાબત મને પરેશાન કરે છે.૨૦૧૭માં જ્યારે સરકારે ગઉંઅઈ એટલે કે નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન રજૂ કર્યું હતું, ત્યારે તેના પર સામસામે બેસીને ચર્ચા કરી શકાઈ હોત.કૌલે પુસ્તકમાં લખ્યું, વાતચીત કરવા અને અગાઉથી મંજૂરી લેવામાં ફરક હોય છે. મારા માટે આ ચિંતાની વાત હતી કે કોલેજિયમની ઔપચારિક ચર્ચા પહેલાં સરકારની મંજૂરી માંગવામાં આવી રહી હતી.

ચૂંટણી પંચનો દાવોઃ અમે કોઈ નવું સોફ્ટવેર ખરીદ્યું જ નથી

SIR માહિતી આપવાનો ઈનકાર



નવી દિલ્હી, તા.૨૫

ચૂંટણી પંચે SIR માં વપરાતા સોફ્ટવેર અને અંઈ સિસ્ટમ્સની માહિતી જાહેર કરવાનો ઈનકાર કર્યો. પંચે RTI કાયદાની કલમ ૮(૧)(મ) અને બૌદ્ધિક સંપત્તિના અધિકારોનો હવાલો આપ્યો; મતદાર યાદી પર નિર્ણય માત્ર ERO લે છે.

ચૂંટણી પંચમાં કથિત ગેરરીતિઓના આરોપો અને તાજેતરના વિવાદો વચ્ચે કેન્દ્રીય ચૂંટણી પંચ (ECI) એ મતદાર યાદીઓની વિશેષ ચકાસણી અને સુધારણા (SIR) દરમિયાન ઉપયોગમાં લેવાતા સોફ્ટવેર અંગે મહત્વપૂર્ણ કાનૂની વલણ અપનાવ્યું છે. માહિતી અધિકાર (RTI) કાયદા હેઠળ માંગવામાં આવેલી સોફ્ટવેરની ટેકનિકલ માહિતી આપવાનો પંચે સાફ ઇનકાર કરી દીધો છે. ચૂંટણી પંચે આ માટે વાણિજ્યિક ગુપ્તતા, વેપાર રહસ્યો અને બૌદ્ધિક સંપત્તિના સંરક્ષણનો હવાલો આપી કાયદાકીય મુક્તિની જોગવાઈઓ આગળ ધરી છે.

પંચે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૮(૧)(ડી) ટાંકીને સ્પષ્ટતા કરી છે કે માંગવામાં આવેલી વિગતો વાણિજ્યિક વિશ્વાસ, વેપાર રહસ્યો અને બૌદ્ધિક સંપત્તિના દાયરામાં આવે છે.આ પ્રકારની વિગતો સાર્વજનિક કરવાથી સંબંધિત પક્ષકારોના વ્યાપારી હિતોને નુકસાન પહોંચી શકે છે, જેથી તે છઠ્ઠી કાયદા હેઠળ બહાર પાડવાપાત્ર નથી.પંચે ભારપૂર્વક જણાવ્યું કે SIR પ્રક્રિયા માટે કોઈ નવું સોફ્ટવેર ખાસ ખરીદવામાં આવ્યું નથી કે નવેસરથી વિકસાવવામાં આવ્યું નથી.

સમગ્ર મામલો તેલંગાણાના જાણીતા સામાજિક કાર્યકર એમ.એ. મુજીબ અયુબ દ્વારા ૧૬ ઓક્ટોબરના રોજ દાખલ કરવામાં આવેલી એક RTI અરજી સાથે જોડાયેલો છે. અરજદારે મતદાર ડેટાની ચકાસણી કરવા માટે ઉપયોગમાં લેવાતા આંતરિક સોફ્ટવેર, તેનું વર્ઝન, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પ્લેટફોર્મ્સ, સ્વચાલિત પ્રણાલીઓ અને ખોટી ઓળખ અટકાવવા લેવાયેલા પગલાં અંગે વિગતવાર માહિતી માંગી હતી.ચૂંટણી પંચે પોતાના વલણમાં જણાવ્યું કે અરજીમાં માહિતી માંગવાને બદલે કેટલીક પ્રક્રિયાગત બાબતો અંગે સ્પષ્ટતાઓ માંગવામાં આવી હતી, જે RTIની ચોક્કસ વ્યાખ્યા હેઠળ આવતી નથી.

ECIએ સ્પષ્ટ કર્યું છે કે મતદાર યાદીમાં કોઈ પણ નાગરિકનું નામ સામેલ કરવા કે યાદીમાંથી રદ કરવા અંગેનો આખરી નિર્ણય કોઈ સ્વચાલિત સોફ્ટવેર કે અંઈ ટૂલ દ્વારા લેવાતો નથી.આ સમગ્ર સત્તા અને જવાબદારી કાયદા મુજબ ચૂંટણી નોંધણી અધિકારી (ERO) પાસે રહેલી છે.,ERO માત્ર યોગ્ય દસ્તાવેજો, હકીકતો અને ફિલ્ડ વેરિફિકેશનના આધારે જ કાયદેસર નિર્ણય લે છે, જેથી સોફ્ટવેર માત્ર સહાયક પ્રક્રિયા છે, નિર્ણય લેનાર ઓથોરિટી નથી.

વડાપ્રધાન મોદી પર ખડગેની વિવાદાસ્પદ ટિપ્પણી

કોંગ્રેસે તમામ મર્યાદાઓ ઓળંગી : શાહ

પટનામાં ડો. શ્રીકૃષ્ણ સિંહની ૧૩૯મી જન્મજયંતીના કાર્યક્રમમાં કોંગ્રેસ વડાપ્રધાન ક્યાંય જવાના નથી તેવા પ્રેક્ષકના નીવેદનથી ખડગેની લપસી જીભ



નવી દિલ્હી, તા.૨૫

પટનામાં ડો. શ્રીકૃષ્ણ સિંહની ૧૩૯મી જન્મજયંતીના કાર્યક્રમમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગેની ટિપ્પણીથી હોબાળો મચ્યો છે. ઘટનાને પગલે અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને કોંગ્રેસની ટીકા કરી છે. કાર્યક્રમમાં બોલાચાલી બાદ હાથાપાઈ થયાના અહેવાલો સામે આવ્યા છે, જ્યારે ખડગેએ વિરોધ વચ્ચે ભાષણ ચાલુ રાખ્યું હતું. આ મામલો રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે.

બિહારની રાજધાની પટનામાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના એક નિવેદનને પગલે રાજકીય ગરમાવો વધી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગે ભાષણ દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીથી કાર્યક્રમમાં હોબાળો થયો હતો અને વાત મારામારી સુધી પહોંચી હતી. આ ઘટનાને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા છે. પટનામાં ડો. શ્રીકૃષ્ણ સિંહની ૧૩૯મી જન્મજયંતી નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ખડગે સંબોધન કરી રહ્યા હતા. આ દરમિયાન તેઓ વડાપ્રધાન મોદી અંગે બોલી રહ્યા હતા ત્યારે ત્યાં હાજર એક વ્યક્તિએ કહ્યું કે, વડાપ્રધાન મોદી ક્યાંય જવાના નથી. તેના જવાબમાં ખડગેએ વડાપ્રધાનને લઈને ખૂબ જ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. આ નિવેદન બાદ કાર્યક્રમમાં ભારે હોબાળો થયો હતો. અહેવાલ મુજબ, ત્યાં હાજર કેટલાક કોંગ્રેસી કાર્યકરો તે વ્યક્તિ સાથે મારામારી કરતા જોવા મળ્યા હતા. જોકે, વિરોધ છતાં ખડગેએ પોતાનું ભાષણ ચાલુ રાખ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઽ' પર પોસ્ટ કરીને ખડગેના નિવેદનની નિંદા કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ અધ્યક્ષે વડાપ્રધાન મોદીના પિતા વિશે અભદ્ર ટિપ્પણી કરીને રાજકીય મર્યાદાઓનો ભંગ કર્યો છે. શાહે વધુમાં લખ્યું કે, કોંગ્રેસ અગાઉ પણ વડાપ્રધાન મોદી અને તેમના પરિવારને લઈને વાંધાજનક ટિપ્પણીઓ કરતી રહી છે. ક્યારેક તેમની માતા વિશે અપશબ્દો બોલવામાં આવ્યા, તો ક્યારેક તેમને 'મોતના સૌદાગર' અને 'ચાયવાલા' કહીને નિશાન બનાવાયા.

અમિત શાહના મતે, રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ વારંવાર શિષ્ટાચારની મર્યાદા ઓળંગી રહી છે. તેમણે દાવો કર્યો કે છેલ્લા ૧૨ વર્ષમાં સતત ચૂંટણીમાં મળેલી હારને કારણે પક્ષમાં નિરાશા વધી છે અને તેની પાસે નીતિ તથા મુદ્દાઓના બદલે માત્ર અપશબ્દોની રાજનીતિ રહી ગઈ છે. જનતામાં આધાર ગુમાવ્યા બાદ કોંગ્રેસ હવે પોતાના કાર્યકરોમાં પણ સમર્થન ગુમાવી રહી હોવાનું તેમણે જણાવ્યું. શાહે એવો પણ દાવો કર્યો કે ઝ્ખ મોદી અથવા તેમના પરિવાર વિરુદ્ધ આવી ટિપ્પણીઓ કરવામાં આવે ત્યારે જનતા ચૂંટણીમાં કોંગ્રેસને જવાબ આપે છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પણ ખડગેના નિવેદનની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે જાહેર મંચ પરથી અમર્યાદિત અને અસંસદીય ભાષાનો ઉપયોગ કોંગ્રેસની વૈચારિક નબળાઈ દર્શાવે છે. તેમના જણાવ્યા મુજબ, રાજકીય વિરોધની પણ એક મર્યાદા હોય છે, પરંતુ ભાષણોમાં દિવંગત પરિવારજનોને ખેંચી લાવવાની બાબત વિરોધ પક્ષની સંસ્કૃતિ દર્શાવે છે. નવીને આ નિવેદનને માત્ર ખડગેની વ્યક્તિગત ભૂલ નહીં, પરંતુ કોંગ્રેસની શિષ્ટાચારવિહોણી વિચારસરણીનો પુરાવો ગણાવ્યો હતો. આ ઘટનાએ ફરી એકવાર રાજકીય ભાષાની મર્યાદા અને જાહેર મંચ પર નેતાઓના વર્તન અંગે ચર્ચા જગાવી છે.

'૩૦ વર્ષ સુધી કોણ રહેશે તે કોણે જોયું છે?'

પટનાના કાર્યક્રમ દરમિયાન ખડગેએ વડાપ્રધાન મોદીના નિવેદનને લઈને પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, ''આગામી ૩૦ વર્ષ સુધી કોણ જીવતું રહેશે કે રહેશે નહીં, એ કોણે જોયું છે?'' ખડગેના મતે, લોકોમાં ગેરસમજ ઊભી કરવા માટે આવાં નિવેદનો કરવામાં આવે છે. તેમણે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)નો ઉલ્લેખ કરતાં આક્ષેપ કર્યો હતો કે જ્યાં સુધી તેમના પોતાના લોકોને ત્યાં બેસાડવામાં આવ્યા છે, ત્યાં સુધી તેઓ આવા દાવા કરી શકે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તેમના જ લોકો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)ની વ્યવસ્થામાં ગેરરીતિ હોવાની વાત કહેવામાં આવી છે.

ભારતને એક એવી દવા નિયમનકારી વ્યવસ્થાની જરૂર છે જે રાજકીય કે ઉદ્યોગ-સંચાલિત દબાણોથી મુક્ત હોય

કફ સિરપથી થતા મોત ચિંતાનો વિષય

ભારતીય બનાવટની દવાઓથી મૃત્યુઆંક વિશ્વભરમાં વધી રહ્યો : દેશમાં દવા નિયમનકારી પ્રણાલીમાં સુધારાની જરૂર કેમ?

રાજકોટ, તા. ૨૪

કફ સિરપથી બાળકો સંડોવાયેલી તાજેતરની દુર્ઘટનાઓ ફરી એકવાર દર્શાવે છે કે ભારતને એક એવી દવા નિયમનકારી વ્યવસ્થાની જરૂર છે જે રાજકીય કે ઉદ્યોગ-સંચાલિત દબાણોથી મુક્ત હોય અને જે જાહેર આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે. સાચો સુધારો ત્યારે જ થશે જ્યારે આપણે નિયમનકારી નિષ્ફળતાઓનો સામનો કરીશું અને ખરેખર દવાની ગુણવત્તાને જાહેર ચિંતા બનાવીશું. ભારતીય બનાવટની દવાઓથી મૃત્યુઆંક વિશ્વભરમાં વધી રહ્યો છે. ૨૦૨૨ માં ચંદીગઢમાં દૂષિત ઈન્જેક્શનથી પાંચ દર્દીઓના મૃત્યુ પછી, કર્ણાટક (૨૦૨૩), પશ્ચિમ બંગાળ (૨૦૨૩), યુનાઈટેડ સ્ટેટ્સ (૨૦૨૩) અને કોલંબિયા (૨૦૨૪) માં ઓછામાં ઓછા ચાર વધુ બનાવો બન્યા છે, જ્યાં ભારતમાં ઉત્પાદિત ઈન્જેક્શન અથવા આંખના ટીપાંથી બે થી પાંચ લોકો મૃત્યુ પામ્યા હતા. આ ગંભીર ઘટનાઓ છતાં, કેન્દ્ર સરકારે દવા નિયમનકારી વ્યવસ્થામાં સુધારા માટે બહુ ઓછા પગલાં લીધા છે. ભંડોળમાં વધારો જેવા ફેરફારો પૂરતા નથી; જો અસુરક્ષિત દવાઓથી થતા મૃત્યુને રોકવાની સાચી ઈચ્છા હોય, તો ઊંડા સુધારા જરૂરી છે.

ડ્રગ કાયદો ૧૯૪૦ માં ઘડવામાં આવ્યો હતો, જ્યારે જાહેર આરોગ્ય પ્રાંતીય સરકારોની જવાબદારી હતી. સ્વતંત્રતા પછી, કેન્દ્ર સરકારે નવા ધોરણો નક્કી કરવાની સત્તા મેળવી, પરંતુ ઉત્પાદન લાઈસન્સ રાજ્ય સરકારો પાસે રહ્યા. પરિણામે, ભારતમાં ૩૭ દવા નિયમનકારી સંસ્થાઓ સાથે એક ખંડિત નિયમનકારી માળખું છે. દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ પાસે એક અલગ નિયમનકારી માળખું છે, અને તે ઉપરાંત, ઉઈઋઈ. એક રાજ્યની દવા દેશભરમાં વેચી શકાય છે, પરંતુ કંપની ફક્ત તે રાજ્યને જ જવાબદાર છે જ્યાં તેનું લાઈસન્સ જારી કરવામાં આવ્યું હતું. તમિલનાડુમાં ઉત્પાદિત દવા મધ્યપ્રદેશમાં



બાળકોના મૃત્યુનું કારણ બની શકે છે, પરંતુ મધ્યપ્રદેશના નાગરિકો તમિલનાડુના દવા નિયમનકારને જવાબદાર ઠેરવી શકતા નથી. ૨૦૨૨ માં ગામ્બિયામાં બાળકોના મૃત્યુનું કારણ બનેલી કંપનીનો ઘણા રાજ્યોમાં દવા નિયમનકારો સાથે અગાઉના વિવાદો હતા, છતાં દુર્ઘટના પહેલા તેનું લાઈસન્સ ક્યારેય રદ કરવામાં આવ્યું ન હતું.

ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ રોજગાર અને કર પેદા કરે છે, તેથી રાજ્યોમાં તેનો પ્રભાવ વધે છે. બિન-ઘાતક કેસોમાં ભ્રષ્ટાચાર અથવા ઉલ્લંઘનના કિસ્સાઓ ઘણીવાર દબાવવામાં આવે છે. ભારતમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગની લોબી ખૂબ જ મજબૂત છે, અને હોસ્પિટલો અને ડોકટરો તેમના ઈશારે કામ કરે છે. બદલામાં, હોસ્પિટલો અને ડોકટરોને ઈચ્છનીય મુસાફરી પ્રવાસો અને ભેટો મળે છે. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ ભારતની થોડી સફળતાની વાર્તાઓમાંની એક છે. સરકાર પણ તેના હિતો સાથે જોડાયેલી છે, અને તેથી ઘણીવાર ઉદ્યોગને સખત સજા કરવાનું ટાળે છે. ઋખઙ ધોરણોમાં સુધારો ડિસેમ્બર ૨૦૨૩ માં સૂચિત કરવામાં આવ્યો હતો પરંતુ ઉદ્યોગના દબાણને કારણે જાન્યુઆરી ૨૦૨૫ સુધી વિલંબિત રહ્યો. નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પણ ૨૦૨૬ સુધી મુક્તિ આપવામાં આવી હતી, જોકે છેલ્લા પાંચ વર્ષમાં આ શ્રેણી મોટાભાગના મૃત્યુ માટે જવાબદાર હતી. ઉયડી/ઉઉ ખામીયુક્ત હિપ ઈમ્પ્લાન્ટ કેસમાં પણ, સરકારે પીડિતોને સાંભળવા માટે જાહેર મંચ બનાવ્યો ન હતો. જઊઈ જેવી સમિતિઓ પણ અત્યંત અપારદર્શક છે, જેમાં જાહેર અથવા જાહેર આરોગ્ય નિષ્ણાતોનું વર્ચ્યુઅલ રીતે કોઈ પ્રતિનિધિત્વ નથી. અસરકારક અમલીકરણ માટે પારદર્શિતા એક પૂર્વશરત છે, જેનો ભારતની નિયમનકારી પ્રણાલીમાં ગંભીર અભાવ છે. ભારતમાં દવા નિરીક્ષણ અહેવાલો જાહેર કરવામાં આવતા નથી. જનતા જાણી શકતી નથી કે દવા નિરીક્ષકો ખરેખર નિયમિત નિરીક્ષણ કરે છે કે નહીં. દવા પરીક્ષણ અહેવાલો પણ સામાન્ય રીતે ઑનલાઈન ઉપલબ્ધ નથી. ફક્ત કેટલાક રાજ્યો અથવા ઉઈઋઈ નિષ્ફળ દવાઓની એક સરળ સૂચિ બહાર પાડે છે, વિગતવાર અહેવાલ નહીં. જ્યાં સુધી દવાની ગુણવત્તાને પ્રાથમિક જાહેર ચિંતા ન બનાવવામાં આવે ત્યાં સુધી ફેરફાર મુશ્કેલ છે. દવાની ગુણવત્તા પર સ્થાનિક ચર્ચા પેદા કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, ભલે તે મુશ્કેલ હોય, કારણ કે સરકારો ઘણીવાર ટીકાને દબાવવા માટે રાષ્ટ્રવાદનો ઉપયોગ કરે છે.

હવામાં PM2.5 ના પગલે હોસ્પિટલમાં દાખલ થવાનું જોખમ વધુ

લાખો નહીં કરોડો રેકોર્ડના આધારે વિશ્લેષણ : અભ્યાસમાં માત્ર શ્વસન રોગો પર જ નહીં પરંતુ અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત



રાજકોટ, તા. ૨૪

વધતા વાયુ પ્રદૂષણને કારણે ઘણીવાર આંખોમાં બળતરા, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ થાય છે, પરંતુ હવામાં સૂક્ષ્મ કણોની અસર ઘણી વધારે હોય છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઙખર.૫ ના સ્તરમાં વધારો થવાથી વિવિધ બીમારીઓ માટે હોસ્પિટલમાં દાખલ થવાના જોખમમાં વધારો થયો છે. આ દર્શાવે છે કે નબળી હવાની ગુણવત્તાને કામચલાઉ સમસ્યા તરીકે નકારી ન શકાય. સંશોધકોએ ૨૦૦૦ થી ૨૦૧૯ દરમિયાન ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચિલી, ન્યુઝીલેન્ડ અને તાઈવાન સહિત છ દેશો અને પ્રદેશોમાંથી લગભગ ૩૪૬.૫ મિલિયન હોસ્પિટલમાં દાખલ થવાના રેકોર્ડનો અભ્યાસ કર્યો હતો. વિશ્લેષણમાં ઙખર.૫ સ્તર અને હોસ્પિટલમાં દાખલ થવા વચ્ચેના સંબંધની તપાસ કરવામાં આવી હતી. અભ્યાસ મુજબ, ઙખર.૫ સાંદ્રતામાં પ્રતિ ઘન મીટર ૧૦ માઈક્રોગ્રામના વધારા માટે, આગામી ૨૧ દિવસમાં કોઈપણ કારણોસર હોસ્પિટલમાં દાખલ થવાનું જોખમ સરેરાશ ૮ ટકા વધુ હોવાનું જાણવા મળ્યું છે.

અભ્યાસમાં માત્ર શ્વસન રોગો પર જ નહીં પરંતુ અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. કેન્સર સંબંધિત હોસ્પિટલમાં દાખલ થવાના જોખમમાં ૧૦.૮ ટકાનો વધારો, માનસિક સ્વાસ્થ્ય સ્થિતિઓમાં ૧૦ ટકાનો વધારો અને ન્યુરોલોજીકલ ડિસઓર્ડરમાં ૮.૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. શ્વસન રોગો માટે, આ આંકડો ૬.૭ ટકા હતો. આ પ્રદૂષણ સ્તર અને હોસ્પિટલમાં દાખલ થવાના જોખમ વચ્ચે જોવા મળતા આંકડાકીય જોડાણને પ્રતિબિંબિત કરે છે. ઙખર.૫ હવામાં અત્યંત નાના કણો છે, જે ૨.૫ માઈક્રોમીટર કે તેથી ઓછા માપે છે. તેમના નાના કદને કારણે, તેઓ શ્વાસ દ્વારા ફેફસાં સુધી પહોંચે છે. તેમના સંપર્કમાં આવવાથી બળતરા અને અન્ય જૈવિક પ્રતિક્રિયાઓ થઈ શકે છે. પ્રદૂષણની અસરો વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે. પહેલાથી જ હૃદય, ફેફસાં અથવા અન્ય ગંભીર સ્વાસ્થ્ય સ્થિતિઓ ધરાવતા લોકોએ નબળી હવા ગુણવત્તા દરમિયાન વધુ સાવધાની રાખવી જોઈએ.

હવા ગુણવત્તા નબળી હોય ત્યારે બહારની પ્રવૃત્તિઓ મર્યાદિત કરવી અને સ્થાનિક હવા ગુણવત્તા સૂચકાંક (AQI) નું નિરીક્ષણ કરવું મદદરૂપ થાય છે. જો જરૂરી હોય તો, સારી ગુણવત્તાવાળા, યોગ્ય રીતે ફિટિંગવાળા ગ૯૫ માસ્કનો ઉપયોગ કરી શકાય છે. અસ્થમા અથવા અન્ય ક્રોનિક સ્થિતિ ધરાવતા લોકોએ તેમની દવાઓ લેવી જોઈએ અને તેમના ડોક્ટરની સલાહનું પાલન કરવું જોઈએ. જો તમને અચાનક શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો અથવા ગંભીર લક્ષણોનો અનુભવ થાય છે, તો તાત્કાલિક તબીબી સહાય લેવી જોઈએ. આ અભ્યાસ છ દેશો અને પ્રદેશોના ડેટા પર આધારિત હતો, તેથી તેના પરિણામો ભારતીય વસ્તીને લાગુ ન પડી શકે.

કેટલા ડેસિબલ પર મૃત્યુ થઈ શકે?

માણસના કાન કેટલા અવાજ સહન કરી શકે?

રાજકોટ, તા. ૨૪

મોટા અવાજે ડીજે સંગીત, વાહનોનો અવાજ, કે ફટાકડાનો પડઘો - આજના આધુનિક વિશ્વમાં, આપણે ચારે બાજુથી મોટા અવાજોથી ઘેરાયેલા છીએ. લોકો ઘણીવાર લગ્ન અને પાર્ટીઓમાં કાન ફાડી નાખે તેવા સંગીતનો આનંદ માણે છે, પરંતુ શું તમે જાણો છો કે આ મોટો અવાજ આપણા શરીર માટે કેટલો ખતરનાક હોઈ શકે છે? વિજ્ઞાન અનુસાર, વધુ પડતો અવાજ ફક્ત કાયમી બહેરાશનું કારણ જ નથી પણ જીવલેણ પણ સાબિત થઈ શકે છે. ચાલો જાણીએ કે આપણા કાનની ક્ષમતા કેટલી છે અને કેટલા ડેસિબલ અવાજ મૃત્યુનું કારણ બની શકે છે.

અવાજની તીવ્રતા અથવા તેની સીધી તીક્ષ્ણતા માપવા માટે ડેસિબલનો ઉપયોગ કરવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંગઠન (ઠઈંઘ) અને ડોકટરો અનુસાર, ૭૦ ડેસિબલ સુધીના અવાજો માનવ કાન માટે સંપૂર્ણપણે સામાન્ય અને સલામત માનવામાં આવે છે. સામાન્ય વાતચીત લગભગ ૬૦ ડેસિબલ હોય છે. પર્યાવરણીય અને આરોગ્ય ધોરણો અનુસાર, આપણા કાન કોઈપણ મોટા નુકસાન વિના મહત્તમ ૮ કલાક સુધી ૮૫ ડેસિબલ સુધીના અવાજોને સહન કરી શકે છે. આનાથી વધુ મોટા અવાજના સંપર્કમાં આવવાથી કાનની ચેતાઓને કાયમી નુકસાન થઈ શકે છે. જેમ જેમ ડેસિબલ સ્તર વધે છે, તેમ તેમ કાન માટેનું જોખમ ઝડપથી વધે છે. જ્યારે ભારે ટ્રાફિક અથવા નજીકમાં લાઉડસ્પીકરનો અવાજ જેવા અવાજ ૧૦૦ ડેસિબલ સુધી પહોંચે છે, ત્યારે માનવ કાનને નુકસાન માત્ર ૧૦ થી ૧૫ મિનિટમાં શરૂ થાય છે.

ત્યારબાદ, ૧૨૦ થી ૧૩૦ ડેસિબલના અવાજો, જેમ કે એમ્બ્યુલન્સ સાયરન અથવા પસાર થતા વિમાન, માનવ કાન માટે પીડાની સીમા માનવામાં આવે છે. આ સ્તર સુધી પહોંચવાથી કાનમાં તીવ્ર દુખાવો થાય છે. જો કોઈ વ્યક્તિ અચાનક ૧૪૦ થી ૧૫૦ ડેસિબલના અવાજના



સંપર્કમાં આવે છે, જેમ કે નજીકમાં ફૂટતો મોટો ફટાકડા અથવા બંદૂકનો અવાજ, તો તેના કાનના પડદા તરત જ ફાટી શકે છે અને કાયમ માટે બહેરા થઈ શકે છે. આ આશ્ચર્યજનક લાગે છે, પરંતુ ખૂબ જ જોરદાર અવાજો અથવા ધ્વનિ તરંગો મનુષ્યો માટે અત્યંત હાનિકારક હોઈ શકે છે. વૈજ્ઞાનિકો અને સંશોધકોના મતે, જ્યારે અવાજનું સ્તર ૧૭૫ થી ૧૮૦ ડેસિબલ સુધી પહોંચે છે, ત્યારે વધુ પડતું હવાનું દબાણ કાનના પડદાને ગંભીર નુકસાન પહોંચાડે છે.

જો અવાજનું સ્તર ૨૦૦ થી ૨૧૦ ડેસિબલ કરતાં વધી જાય, તો આ પરિસ્થિતિ માનવો માટે ઘાતક સાબિત થઈ શકે છે. હકીકતમાં, આટલા ઊંચા સ્તરે, અવાજ ફક્ત સામાન્ય અવાજ રહેતો નથી, પરંતુ તીવ્ર આઘાત તરંગમાં પરિવર્તિત થાય છે. આ ઉચ્ચ-દબાણ તરંગ શ્વસનતંત્ર અને આંતરિક અવયવો પર ગંભીર ફટકો પહોંચાડે છે, જેના કારણે ગંભીર આંતરિક ઈજાઓ થાય છે અને હૃદય રોગનો હુમલો પણ થાય છે. આ જ કારણ છે કે તેને ઘાતક સ્તર માનવામાં આવે છે.

૬ અઠવાડિયાથી વધુ આવતી ખંજવાળ ગંભીર બીમારી?

ત્વચા પર ફોલ્લીઓ એ રોજિંદા ઘટના નથી : એક મહિનાથી વધુ સમય સુધી ચાલુ રહે, તો સાવચેત રહો



રાજકોટ, તા. ૨૪

આપણામાંથી ઘણા લોકો એવું માને છે કે આપણી ત્વચા પર લાલ ફોલ્લીઓ અથવા ફોલ્લીઓ આપણે જે ખાધું છે અથવા લગાવ્યું છે તેનાથી એલજીર્ક પ્રતિક્રિયા હોવી જોઈએ. જો કે, જ્યારે આ સમસ્યા અઠવાડિયા સુધી ચાલુ રહે છે, ત્યારે ત્વચારોગ વિજ્ઞાનીઓ તેને ક્રોનિક સ્પોન્ટોનિયસ અટિકેરીયા (CSU) નામની લાંબા ગાળાની સ્થિતિનું નિશાની માને છે. તેને વહેલા ઓળખવું મહત્વપૂર્ણ છે જેથી યોગ્ય સારવાર શરૂ થઈ શકે. તેને કેવી રીતે ઓળખવું અને ક્યારે સાવધ રહેવું તે જાણો. આ સ્થિતિનું સૌથી સામાન્ય લક્ષણ ત્વચા પર ઉભા થયેલા ફોલ્લીઓ છે. આ ફોલ્લીઓ લાલ હોઈ શકે છે અથવા તમારી ત્વચાના રંગ જેવા હોઈ શકે છે. તેમની સાથે તીવ્ર ખંજવાળ આવે છે. નોંધનીય છે કે, એક ફોલ્લી થોડા કલાકોમાં ઓછી થઈ જાય છે, પરંતુ શરીર પર બીજી જગ્યાએ એક નવી ફોલ્લી દેખાય છે. જો આ છ અઠવાડિયાથી વધુ સમયથી થઈ રહ્યું હોય, તો ત્વચારોગ વિજ્ઞાનીની સલાહ લો. ખંજવાળ દિવસ કરતાં રાત્રે વધુ હેરાન કરે છે, ઊંઘમાં ખલેલ પહોંચાડે છે અને બીજા દિવસે તમને થાક અનુભવે છે. CSU દર્દીઓના ૨૦૨૫ ના સર્વેક્ષણમાં, અડધાથી વધુ, એટલે કે ૬૨ ટકા, રોગના બગડવાના સમયગાળા દરમિયાન ઊંઘની સમસ્યાઓની જાણ કરે છે. લગભગ અડધા, એટલે કે ૪૯ ટકા, થાકની જાણ કરે છે. તેથી, જો ખંજવાળ તમારી ઊંઘ અને દિનચર્યામાં ખલેલ પહોંચાડી રહી હોય, તો તેને હળવાશથી નકારી કાઢો.

કેટલાક દર્દીઓમાં ઊંડા બેઠેલા સોજાનો પણ અનુભવ થાય છે, જેને એન્જીયોએડીમા કહેવાય છે. આ હોઠ, પોપચા, હાથ અને પગ જેવા વિસ્તારોમાં થાય છે. તે ક્યારેક ફોલ્લીઓ સાથે થઈ શકે છે, અને ક્યારેક એકલા. જો સોજો ફરી આવે છે, તો તમારે નિષ્ણાતનો સંપર્ક કરવો જોઈએ. જો તમને શ્વાસ લેવામાં કે ગળવામાં તકલીફ થાય છે, અથવા જો તમને જીભ કે ગળામાં સોજો દેખાય છે, તો વિલંબ કર્યા વિના તાત્કાલિક તબીબી સહાય મેળવો. ચોક્કસ કારણ ઘણીવાર અગમ્ય હોય છે, તેથી ચોક્કસ ખોરાક અથવા ક્રીમને દોષ આપવો અને દવા છોડી દેવી યોગ્ય નથી. વારંવાર ફોલ્લીઓ અને સોજો આવવાથી જાહેરમાં ખચકાટ થઈ શકે છે. ખંજવાળ ફરી આવવાની ચિંતા. જો આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો તે તણાવ પણ વધારી શકે છે. શરમ કે ડરને કારણે સારવાર મુલતવી રાખશો નહીં. ત્વચારોગ વિજ્ઞાની અથવા એલર્જી નિષ્ણાતની સલાહ લો. યોગ્ય સારવાર લક્ષણોનું સંચાલન કરવામાં મદદ કરી શકે છે. જ્યારે ફોલ્લીઓ અને સોજો વારંવાર દેખાય છે, ત્યારે તમે જાહેરમાં બહાર જવામાં ખચકાટ અનુભવી શકો છો. જો આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે તો ખંજવાળ ફરી આવવાની ચિંતા કરવાથી તણાવ વધી શકે છે. શરમ કે ડરને કારણે સારવાર મુલતવી રાખશો નહીં. ત્વચારોગ વિજ્ઞાની અથવા એલજીસ્ટની સલાહ લો. યોગ્ય સારવાર લક્ષણોનું સંચાલન કરવામાં મદદ કરી શકે છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં શિક્ષણનો વેપાર

FRCના નામે 'ઉઘાડી લૂંટ'

બે જ વર્ષમાં રૂ. ૧૧,૦૦૦ સુધીનો કમરતોડ ફી વધારો! : કોંગ્રેસનો આક્ષેપ FRC માત્ર નામનું જ

રાજકોટ, તા. ૨૫

સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં શિક્ષણ હવે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવાર માટે પહોંચ બહાર જઈ રહ્યું છે. એક તરફ મોંઘવારીનો માર પ્રજાને કચડી રહ્યો છે, તો બીજી તરફ ખાનગી શાળાઓની બેફામ ફી ઉઘરાણીએ વાલીઓનું જીવવું હરામ કરી નાખ્યું છે. આ ગંભીર મુદ્દે કોંગ્રેસ દ્વારા શાસક પક્ષ અને ફી રેગ્યુલેશન કમિટી (FRC) પર અત્યંત આક્રમક પ્રહારો કરતા સણસણતો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ફી રેગ્યુલેશન કમિટી એ શિક્ષણ સુધારવા માટે નહીં, પરંતુ ખાનગી શાળાઓને લૂંટવાનો ખુલ્લો દોર આપવા માટેનું સાધન બની ગઈ છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રની પ્રાઈવેટ સ્કૂલોમાં પાછલા માત્ર બે જ વર્ષના ગાળામાં રૂપિયા ૧૧,૦૦૦ જેટલો મસમોટો ફી વધારો ઝીંકી દેવામાં આવ્યો છે, જેના કારણે વાલીઓમાં ચિંતા અને રોષનું મોજું ફરી વળ્યું છે.

પરિસ્થિતિની ગંભીરતા એ છે કે ફી રેગ્યુલેશન કમિટીની રચના થઈ તે પૂર્વે પણ ખાનગી શાળાઓ દ્વારા પ્રતિવર્ષ ૧૦ ટકા સુધીનો આડેધડ વધારો ઝીંકવામાં આવતો જ હતો, પરંતુ કમિટી આવ્યા પછી વાલીઓને રાહત મળવાને બદલે તેમની સ્થિતિ વધુ કફોડી બની છે. વાલીઓનો આક્ષેપ છે કે FRCના કારણે વાલીઓના હાથ-પગ બંધાઈ ગયા છે અને તંત્રના મૌન આશીર્વાદથી શાળા સંચાલકોની પાપલીલા ફાલીફુલી રહી છે. આ સમગ્ર મુદ્દે કોંગ્રેસના પ્રવક્તાએ



આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે ફી રેગ્યુલેશન કમિટી માત્ર નામ પૂરતી અને દેખાવ ખાતર જ ઊભી કરવામાં આવી છે જેમાંથી વાલીઓ માટે કંઈ પણ ઉપજતું નથી. FRCની રચના કરીને સરકારે વાલીઓના કાંડા કાપી નાખ્યા છે, જેથી તેઓ આ અન્યાય સામે અવાજ પણ ઉઠાવી ન શકે અને આ સુધારાના નામે વાલીઓ સાથે થયેલો આ એક મોટો વિશ્વાસઘાત છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે વાલીઓ પોતાના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાવવા માટે દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યા છે. શાળાની ટ્યુશન ફી ઉપરાંત યુનિફોર્મ, સ્ટેશનરી, પુસ્તકો અને વિવિધ પ્રવૃત્તિઓના નામે શાળાઓ દ્વારા અપાતા ખર્ચના મોટા બિલ વાલીઓનું માસિક બજેટ ખોરવી નાખે છે. કમિટીની મંજૂરી મેળવવાની આખી પ્રક્રિયા માત્ર કાગળ પરની કવાયત બની રહી છે અને વાસ્તવિકતામાં ખાનગી શાળાઓની દાદાગીરી અકબંધ છે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે શું શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્ર આ આક્રમક આક્ષેપો અને વાલીઓની વેદના સાંભળીને ખાનગી શાળાઓની મનમાની પર ક્યારેય કાયમી લગામ લગાવશે, કે પછી શિક્ષણનું વ્યાપારીકરણ કરનારાઓ સામે પ્રજા આમ જ લૂંટાતી રહેશે?

વર્ષ ૨૦૧૭માં જ્યારે રાજ્ય સરકારે ખાનગી શાળાઓની મનસ્વી ફી પર લગામ કસવા માટે 'ફી રેગ્યુલેશન કમિટી' (FRC) ની રચના કરી, ત્યારે મધ્યમવર્ગીય વાલીઓમાં એક આશાનું કિરણ જાગ્યું હતું. લોકોને લાગ્યું હતું કે હવે શિક્ષણના નામે થતી ખુલ્લી લૂંટ બંધ થશે. પરંતુ, આઠ-નવ વર્ષના ગાળા બાદ આજે પરિસ્થિતિ એ મોડ પર આવીને ઊભી રહી છે કે જે FRC વાલીઓનું રક્ષણ કરવા આવી હતી, તે જ આજે ખાનગી શાળાઓ માટે 'કાયદાકીય કવચ' બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે! . જ્યાં સુધી FRC કમિટી શાળા સંચાલકોના હિતોને બદલે વાલીઓ અને વિદ્યાર્થીઓના હિતમાં આકરા નિર્ણયો નહીં લે, ત્યાં સુધી વાલીઓનો આ અવિશ્વાસ અને આક્રોશ વધુ ઉગ્ર બનતો રહેશે.

શાળા સંચાલકો FRCના ઓર્ડરનું કાગળ બતાવીને વાલીઓનું મોં બંધ કરી દે છે

FRC એ એક એવું માધ્યમ બની ગયું છે જ્યાંથી 'ટેકનિકલ મંજૂરી' મેળવીને ખાનગી શાળાઓ મોટી ફી વસૂલે છે. પરિણામે, વાલીઓ ઇચ્છવા છતાં પણ કોઈ પ્રકારનો વિરોધ કરી શકતા નથી, કારણ કે વિરોધ કરવા જાય તો તેમને કાયદાનું ભયાનક તંત્ર સામે દેખાય છે! પરિણામ સ્વરૂપે હવે વાલીઓ દ્વારા કોઈ રજૂઆત પણ કરી શકાતી નથી અને જે નિર્ણય આવવો જોઇએ તે વાલીઓના હિતમાં પણ જોવા મળતો નથી ત્યારે હવે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું તે પણ વાલીઓ માટે સૌથી મોટો ચિંતાનો વિષય બની ગયો છે.

મધ્યમવર્ગ માટે શિક્ષણ હવે 'લક્ઝરી'

રાજકોટમાં પોણા પાંચ લાખ રૂપિયા સુધીની વાર્ષિક ફી વસૂલતી શાળાઓ એ વાતની સાબિતી છે કે શિક્ષણ હવે સામાન્ય કે મધ્યમવર્ગીય પરિવારો માટે પહોંચ બહાર થતું જાય છે. વાલીઓ પોતાના બાળકોના ભવિષ્ય માટે દેવાં કરીને પણ આવી ફી ભરે છે. સવાલો એ ઊભા થાય છે કે

- શું FRC ખાનગી શાળાઓને વાલીઓને લૂંટવાનું 'સરકારી લાયસન્સ' આપી રહી છે?
- જે ફી રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૩૦,૦૦૦ નક્કી થઈ હતી, તે પોણા પાંચ લાખ સુધી પહોંચી ત્યાં સુધી કમિટી આંખ આડા કાન કેમ કરતી રહી?
- શિક્ષણ એ સેવા છે કે માત્ર નફો રળવાનો ઉદ્યોગ?

ભાજપનો જનસંપર્ક ધમાકો

'લોકતંત્ર બચાવો' પદયાત્રામાં કાલે મુખ્યમંત્રી રાજકોટમાં

૧૦ હજારથી વધુ કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં બહુમાળી ચોકથી ત્રિકોણબાગ સુધી યોજાશે ભવ્ય પદયાત્રા ; ૫ નવેમ્બર સુધી વિવિધ કાર્યક્રમો



રાજકોટ, તા. ૨૫

રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા જનજાગૃતિ અને સંગઠનાત્મક મજબૂતીના ભાગરૂપે 'લોકતંત્ર બચાવો, ભીડતંત્ર હટાવો' શીર્ષક હેઠળ એક વિશેષ અને વ્યાપક ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ભવ્ય અભિયાનના અંતર્ગત શહેરમાં પદયાત્રા, બૌદ્ધિક સંવાદ, યુવા સંવાદ તેમજ વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક આયોજનો સહિતના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર અભિયાનના મુખ્ય આકર્ષણરૂપ આગામી ૨૭ ઓક્ટોબર, મંગળવારના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે એક વિશાળ પદયાત્રા યોજાવા જઈ રહી છે. આ પદયાત્રામાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી વિશેષ રૂપે ઉપસ્થિત રહી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધારશે.

આ ભવ્ય આયોજનને આખરી ઓપ આપવા અને તેની સંપૂર્ણ વ્યૂહરચના ઘડી કાઢવા માટે રાજકોટ શહેર ભાજપના મુખ્ય કાર્યાલય 'કમલમ' ખાતે એક મહત્વની આયોજન બેઠક યોજાઈ હતી. પ્રદેશ પ્રભારી તરુણ ચૂગ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા તથા શહેર સંગઠન પ્રભારી અનિરુદ્ધભાઈ દવેના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ આ સમગ્ર ઝુંબેશ આગામી ૫ નવેમ્બર સુધી શહેરના વિવિધ વિસ્તારોમાં નિરંતર ચાલુ રાખવાનો નિર્ધાર કરાયો છે.

રાજકોટના હૃદયસમા માર્ગો પરથી પસાર થનારી આ પદયાત્રાના રૂટ અંગે માહિતી આપતા ભાજપ સંગઠને જણાવ્યું હતું કે, યાત્રાનો પ્રારંભ બહુમાળી ભવન ચોક સ્થિત લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવશે. ત્યાંથી આગળ વધી આ યાત્રા સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ અને માલવિયા ચોક થઈને ત્રિકોણબાગ ખાતે સંપન્ન થશે. આ પદયાત્રામાં રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી આશરે ૧૦,૦૦૦ જેટલા ઉત્સાહી કાર્યકર્તાઓ જોડાશે. કાર્યકર્તાઓ ઉપરાંત આ કાર્યક્રમમાં સંગઠનાત્મક શક્તિપ્રદર્શનના ભાગરૂપે સૌરાષ્ટ્ર ઝોનના તમામ કેબિનેટ તથા રાજ્યકક્ષાના મંત્રીઓ, સંસદસભ્યો અને ધારાસભ્યો પણ ખાસ ઉપસ્થિત રહેશે. પદયાત્રા સિવાયના દિવસોમાં સમાજના બુદ્ધિજીવીઓ સાથે સંવાદ, યુવાનો સાથે સીધી ચર્ચા અને વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ યોજીને આ અભિયાનને જન-જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

શ્રીમંતોની ગરીબી

લક્ઝરી કારવાળા લેતા હતા સસ્તા અનાજનો લાભ!

પોશ વિસ્તારોના ૨,૯૩૨ અમીરો સતામણીના ઘેરામાં; પુરવઠા વિભાગની તપાસનો ધમધમાટ અંતિમ ચરણમાં

રાજકોટ, તા. ૨૫

ગરીબો અને નિરાધારોના પેટનો ખાડો પૂરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા (ગ્રજ્જઅ) હેઠળની સસ્તા અનાજ યોજના પર રાજકોટના સંપન્ન અને શ્રીમંત લોકોએ તરાપ મારી હોવાનો અત્યંત ચોંકાવનારો અને શરમજનક પર્દાફાશ થયો છે. શહેરમાં કરોડોના બંગલા, મોંઘીદાટ લક્ઝરી કારો ધરાવતા, નિયમિત ઇન્કમટેક્સ અને જીએસટી ભરતા તેમજ મોટી જમીન સંપત્તિ ધરાવતા લોકો સ્થાનિક મામલતદાર કચેરીમાંથી ગરીબીના કે આવકના ખોટા દાખલા મેળવીને વર્ષોથી ગરીબો માટે ફાળવવામાં આવતું રાશન ઓડકારી રહ્યા હતા.



સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા હાથ ધરાયેલી રાજ્યવ્યાપી ઉંટા ચકાસણી દરમિયાન રાજકોટ શહેરના એવા ૯,૫૦૦ રેશનકાર્ડ ધારકો રેડ રડારમાં આવ્યા છે, જેઓ આર્થિક રીતે અત્યંત સમૃદ્ધ હોવા છતાં યોજનાનો ગેરકાયદેસર લાભ લઈ રહ્યા હતા. આ મામલે રાજકોટ શહેર પુરવઠા અધિકારી સુશીલ પરમારના માર્ગદર્શન હેઠળ ઝોનલ ઓફિસરોની ટીમ બનાવીને તમામ ૯,૫૦૦ શંકાસ્પદ અરજીઓની ઘરે-ઘરે જઈને સઘન અને ઝીણવટભરી ખરાઈ કરવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જે તપાસ હવે તેના આખરી ચરણમાં પહોંચી ગઈ છે.

પુરવઠા તંત્રની તપાસમાં સામે આવેલા આંકડાઓ અનુસાર, શહેરના ચારેય ઝોનમાં વ્યાપકપણે આ બોગસ લાભાર્થીઓ ફેલાયેલા છે. જેમાં પૂર્વ વિસ્તારના ઝોન-૧ માં ૨,૫૩૮, પશ્ચિમ વિસ્તારના ઝોન-૨ માં ૨,૩૯૨, દક્ષિણ વિસ્તારના ઝોન-૩ માં ૧,૯૦૦ અને દક્ષિણ-પૂર્વ વિસ્તારના ઝોન-૪ માં ૨,૬૪૫ શંકાસ્પદ કાર્ડધારકોની તપાસ હાથ ધરવામાં આવી છે. સૌથી આશ્ચર્યજનક બાબત તો એ છે કે રાજકોટના અતિ પોશ ગણાતા કાલાવડ રોડ અને યુનિવર્સિટી રોડ જેવા હાઈ-પ્રોફાઈલ વિસ્તારોમાંથી પણ ૨,૯૩૨ જેટલા સંપન્ન લાભાર્થીઓ તપાસના ઘેરામાં આવ્યા છે.

ઝોનલ અધિકારીઓની તપાસ દરમિયાન એવી વિગતો પ્રકાશમાં આવી છે જેને સાંભળીને ગમે તે વ્યક્તિ અવાચક થઈ જાય. જે લોકો વાર્ષિક રૂ. ૬ લાખથી વધુની આવક ધરાવે છે, જેઓ રેગ્યુલર આઈટી રિટર્ન અને ગ્રજ્જઅ ફાઈલ કરે છે, જેઓ મોટા જમીનદારો છે કે ખાનગી અને સરકારી ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દાઓ પર નોકરી કરીને લાખોના પગાર મેળવે છે, તેઓ પણ સરકારી યોજનામાંથી મફત કે સસ્તા ભાવે અનાજ મેળવતા હતા. એટલું જ નહીં, આ કૌભાંડમાં નૈતિકતાની તમામ સીમાઓ વટાવી દેવામાં આવી હતી; તપાસમાં એવું પણ ખુલ્યું છે કે ઘણા કિસ્સાઓમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓના નામે પણ નિયમિતપણે અનાજ ઉપાડી લેવામાં આવતું હતું.

જે સિસ્ટમ અને કાયદા ગરીબોને આજીવિકા અને આહાર આપવા માટે બનાવાયા છે, તેનો ઉપયોગ સમાજનો સુખી-સંપન્ન વર્ગ પોતાની લાલચ સંતોષવા માટે કરતો હતો તે બાબત અત્યંત ગંભીર છે. એક તરફ ખરેખર જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારો અનાજ મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાતા હોય છે, ત્યારે બીજી તરફ કાયદાની છટકબારીઓ અને બોગસ ડોક્યુમેન્ટ્સના આધારે મોજશોખ કરતી વ્યક્તિઓ ગરીબોના હક પર ડાકાઈટી નાખી રહી હતી. પુરવઠા વિભાગની આ આકરી તપાસ પૂર્ણ થવાની સાથે જ આ તમામ બોગસ રેશનકાર્ડ રદ કરવામાં આવશે અને સરકારી યોજનાનો દુરુપયોગ કરનારા આવા શ્રીમંતો સામે કાયદાકીય દંડ અને આકરા પગલાં લેવાની તૈયારીઓ પણ થઈ ચૂકી છે.

ગંદકી રોકવા CCTV અને ચોકીદાર મૂકવા પડે એ વિકાસની નહીં, માનસિકતાની હાર

રાજકોટ શહેર કચરાધામ? કે પછી.....?

ઓળખાયેલા ૨૫૦ ન્યુસન્સ પોઈન્ટ માંથી માત્ર ૬૧ જગ્યાઓ જ સાફ : મનપા તંત્ર માટે હવે સીસીટીવી એક માત્ર આધાર

રાજકોટ, તા. ૨૫

રાજકોટ એટલે રંગીલું શહેર, કાઠિયાવાડી ખમીર અને આતિથ્યસત્કાર માટે જાણીતું સ્થાપત્ય. પરંતુ, આ જ ગૌરવવંતા શહેરની વાસ્તવિકતાનો એક કાળો ચહેરો પણ છે. જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરભરમાંથી કચરાના ગંદકીના અડ્ડાઓ (ન્યૂસન્સ પોઇન્ટ) દૂર કરવા માટે એક્શન પ્લાન ઘડવો પડે અને તેના પર પહેરો રાખવા માટે સીસીટીવી કેમેરા અને સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવાની ફરજ પડે, ત્યારે સવાલ એ થાય કે આપણી નાગરિક જવાબદારી ક્યાં ગઈ?

રાજકોટ મનપાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે તાજેતરમાં જે આંકડા જાહેર કર્યા છે, તે માત્ર એક સરકારી રિપોર્ટ નથી, પરંતુ આપણા સામાજિક ચરિત્ર પર એક મોટો સવાલિયા નિશાન છે. શહેરમાં કુલ ૨૫૦ જેટલા ન્યૂસન્સ પોઇન્ટ હતા, જેમાંથી તંત્રના અથાગ પ્રયાસોથી ૬૧ પોઇન્ટ તો નાબૂદ કરવામાં આવ્યા, પરંતુ હજુ પણ ૧૮૯ પોઇન્ટ્સ પર ગંદકી યથાવત છે.

આ આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો ઇસ્ટ ઝોનમાં સૌથી વધુ ૧૨૯, સેન્ટ્રલ ઝોનમાં ૬૪ અને વેસ્ટ ઝોનમાં ૫૭ ન્યૂસન્સ પોઇન્ટ સામે આવ્યા છે. આ આંકડા દર્શાવે છે કે શહેરના અમુક ભાગોમાં સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ પર રહી ગયું છે અને જમીની હકીકત સાવ અલગ જ છે. દરરોજ ઘરે-ઘરે કચરો લેવા માટે ગાડીઓ આવે છે, તેમ છતાં અમુક લોકો પોતાની આળસ કે બેજવાબદાર આદતને કારણે જાહેરમાં કચરો ફેંકી દેવાનું પાપ કરે છે.

સૌથી શરમજનક અને ચિંતાજનક બાબત તો એ છે કે દિવસ દરમિયાન શિક્ષિત અને ભણેલા-ગણેલા દેખાતા લોકો રાત્રિના અંધારામાં છાનામાના આવીને આ ગંદકીના અડ્ડાઓ પર કચરાની થેલીઓ ફેંકી જાય છે. મનપાના એક્શન પ્લાન મુજબ





પીડીએમ કોલેજ અને મામલતદાર કચેરી જેવા શૈક્ષણિક અને સરકારી સંકુલોની આસપાસ, પી એન્ડ ટી કોલોની, સમ્રાટ મેઇન રોડ, શાસ્ત્રીનગર તથા વેલનાથ ચોક જેવા વ્યસ્ત વિસ્તારોમાં રાત્રિના સમયે સૌથી વધુ કચરો ઠલવાય છે. જ્યાંથી દેશનું ભવિષ્ય ઘડાતું હોય તેવા કોલેજ પરિસરો અને જવાબદાર સરકારી કચેરીઓની બાજુમાં જ જો આવી ગંદકી થતી હોય, તો આપણી સામાજિક શિસ્ત કયા સ્તરે પહોંચી છે તેનો અંદાજ સહેજે લગાવી શકાય છે.

આ સ્થિતિને ડામવા માટે હવે મનપાએ કડક પગલાં લેવાની ફરજ પડી છે. જે ૧૮૯ ન્યૂસન્સ પોઇન્ટ હજુ પણ સક્રિય છે, ત્યાં રાત્રિના સમયે ગંદકી ફેલાવતા તત્વો પર બાજ નજર રાખવા માટે સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. એટલું જ નહીં, પરંતુ કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં તો કાયમી ધોરણે સિક્યુરિટી ગાર્ડ મૂકવાની ભલામણ કરવી પડી છે.

વિચારો તો ખરા! એક લોકશાહી અને સભ્ય સમાજ માટે આનાથી મોટી શરમની વાત કઈ હોઈ શકે? જે દેશ કે શહેરમાં નાગરિકોને સ્વચ્છતા જાળવવા માટે સમજાવવાને બદલે તેમની પાછળ સીસીટીવી કેમેરા અને સિક્યુરિટી ગાર્ડનો પહેરો બેસાડવો પડે, તે શહેર ટેકનોલોજીની દ્રષ્ટિએ ભલે સ્માર્ટ બની જાય, પણ નાગરિકતાની દ્રષ્ટિએ તે પછાત જ ગણાય.

મનપા તંત્ર પોતાના તરફથી રસ્તા સાફ કરી રહ્યું છે, નવા પોઇન્ટ નાબૂદ કરી રહ્યું છે અને દંડ ફટકારવાની કાર્યવાહી પણ કરી રહ્યું છે. પરંતુ જ્યાં સુધી નાગરિકોના મગજમાંથી આ ગંદકીવાળી માનસિકતા દૂર નહીં થાય, ત્યાં સુધી ગમે તેટલા કેમેરા કે ગાર્ડ મૂકી દેવામાં આવે, આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે.

રાજકોટને ખરેખર 'સ્વચ્છ અને સુંદર શહેર' બનાવવું હોય, તો હવે સમય આવી ગયો છે કે દરેક નાગરિક પોતાની જાતને સવાલ કરે - "શું આપણે આપણા જ ઘરના આંગણાને આ રીતે ગંદુ રાખવું છે?" સીસીટીવીના ડરથી નહીં, પરંતુ પોતાની નૈતિક જવાબદારી સમજીને જો આપણે જાહેરમાં કચરો ફેંકવાનું બંધ કરીશું, તો જ આ સ્ટોરીનો અસલ સુધારો જોવા મળશે. ચાલો, આજના આ દિવસથી જ સંકલ્પ કરીએ કે રાજકોટની સુંદરતા પર ક્યારેય કોઈ ડાઘ પડવા નહીં દઈએ.

મહંગાઇ માર ગઇ

ગેસ, તેલ, અનાજ, પેટ્રોલ, ડીઝલ, ફટાકડાં બધું મોંઘુ દિવાળીએ મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો



દિવાળીનો તહેવાર એટલે આનંદ, ઉત્સાહ અને રોશનીનો પર્વ. પરંતુ વર્તમાન સમયમાં આ તહેવાર સામાન્ય અને મધ્યમ વર્ગ માટે ચિંતા અને હાલાકીનું પ્રતિક બની ગયો છે. ગેસ, તેલ, અનાજ, પેટ્રોલ, ડીઝલ અને ફટાકડાં જેવી જીવનજરૂરી તથા ઉત્સવની ચીજવસ્તુઓના ભાવમાં થયેલા અસહ્ય વધારાથી આ સમય અત્યંત મુશ્કેલ બની ગયો છે. તહેવારોના દિવસોમાં પણ લોકો ખુશી મનાવવાને બદલે આર્થિક ચિંતામાં ડૂબેલા નજરે પડે છે.

તાજેતરમાં રોજિંદા વપરાશની વસ્તુઓમાં જે તોતિંગ ભાવ વધારો થયો છે . રસોડાનું બજેટ સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. રસોઈ ગેસ સિલિન્ડર અને સિંગતેલ-કપાસિયા તેલના ભાવ આકાશ આંબી રહ્યા છે, જેના લીધે ગૃહિણીઓ માટે ઘર ચલાવવું કઠિન બન્યું છે. બીજી તરફ ઘઉં, ચોખા, દાળ અને મસાલાના ભાવ વધવાથી બે સમયની રોટી મેળવવી પણ ગરીબ અને મધ્યમ વર્ગ માટે પડકારરૂપ બની ગઈ છે. વળી, પેટ્રોલ અને ડીઝલ અને ગેસના ઊંચા ભાવને કારણે ટ્રાન્સપોર્ટ અને મુસાફરી મોંઘી બની છે, જેની સીધી અસર તમામ ચીજવસ્તુઓના ભાવ પર પડે છે. બાળકોની ખુશી માટે ખરીદાતા ફટાકડાં પણ ૩૦ ટકા મોંઘા થઈ ગયા છે. સામાન્ય પરિવાર તે ખરીદતા અચકાઈ રહ્યો છે.

આર્થિક મોંઘવારીની સાથે-સાથે કુદરતી પ્રકોપે પણ સૌરાષ્ટ્રના લોકોને મોટી મુશ્કેલીમાં મૂકી દીધા છે. સૌરાષ્ટ્રના પ્રદેશોમાં અપૂરતા વરસાદને કારણે દુકાળ જેવી કપરી સ્થિતિ સર્જાઈ છે, જ્યાં ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે અથવા તો ઉત્પાદન ખૂબ જ ઘટ્યું છે. ખેતી અને પીવા માટે પાણીની તીવ્ર અછત વર્તાઈ રહી છે અને પાણીના અભાવે જનજીવન ત્રાસી ગયું છે. સાથે-સાથે વીજળીની અનિયમિત અછત અને વીજકાપને કારણે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં હાલાકી વધી ગઈ છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં આગામી આખું વર્ષ કાઢવું સામાન્ય માનવી માટે અત્યંત મુશ્કેલ સાબિત થશે કારણ કે કુદરતની વક્રદૃષ્ટિ અને માનવસર્જિત મોંઘવારી વચ્ચે પ્રજા ચારેય બાજુથી પિસા થઈ રહી છે.

આ પ્રતિકૂળ સંજોગો વર્તમાન શાસકો માટે મોટી કસોટી સમાન છે. ખાસ કરીને ચૂંટણીના વર્ષમાં જ આ પ્રકારના વિપરીત સંજોગો ઊભા થવાથી જનતાનો રોષ હવે સપાટી પર આવ્યો છે. મોંઘવારી, પાણીની અછત, વીજસંકટ અને ખેડૂતોની હાલાકી જેવા ગંભીર પ્રશ્નોનું નિવારણ લાવવું સરકાર માટે અનિવાર્ય બન્યું છે. જો સમયસર રાહત પેકેજ, યોગ્ય ભાવ નિયંત્રણ અને પાણી-વીજળીની પૂરતી વ્યવસ્થા નહીં થાય, તો શાસકો સામે જનમતનો મોટો રાજકીય પડકાર ખડો થશે. આજે પ્રજા આશાભરી નજરે જોઈ રહી છે કે સરકાર કોઈ નક્કર પગલાં ભરે જેથી આર્થિક ભીંસમાંથી રાહત મળી શકે.



કોઈ પણ લક્ષ્ય IAFની પહોંચની બહાર નથી

ઓપરેશન સિંદૂર પર વાયુસેનાના વડા એપી સિંહનું મોટું નિવેદન

નવીદિલ્હી, તા. ૨૫

ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતે પાકિસ્તાન પર એવો ઘા કર્યો જે તે ક્યારેય ભૂલી શકશે નહીં. ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન સામે ચોકસાઈભર્યા હુમલાઓ કરીને તેની ઘાતક ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું. રવિવારે (૨૫ ઓક્ટોબર) એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપતા કહ્યું કે ભારતીય વાયુસેના (IAF) ના ૧,૨૦૦ કિમી પહોળા અને ૨૦૦ કિમી ઊંડા પશ્ચિમી મોરચા પર ચોકસાઈભર્યા હુમલાઓએ દર્શાવ્યું કે કોઈ પણ લક્ષ્ય તેની પહોંચની બહાર નથી. એક મુલાકાતમાં, એર ચીફ માર્શલે જણાવ્યું હતું કે આ ઓપરેશને દેશના પ્રાથમિક પ્રતિરોધક અને વ્યૂહાત્મક અવરોધક તરીકે વાયુ શક્તિની મહત્વપૂર્ણ ભૂમિકાને ફરીથી પુષ્ટિ આપી છે. તેમણે કહ્યું, ''૧,૨૦૦ કિમી પહોળા અને ૨૦૦ કિમી ઊંડા પશ્ચિમી મોરચા પર ચોકસાઈભર્યા હુમલાઓએ સાબિત કર્યું કે કોઈ પણ લક્ષ્ય IAFની પહોંચની બહાર નથી. ઓપરેશન સિંદૂર એ IAF ના ક્ષમતા-કેન્દ્રિત અભિગમનું પ્રમાણ હતું.''

ચાર દિવસના ઓપરેશનનું નિરીક્ષણ કરનાર વાયુસેનાના વડાએ જણાવ્યું હતું કે ઓપરેશન દરમિયાન સ્વદેશી રીતે વિકસિત શસ્ત્રોના પ્રદર્શન પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. સિંહે જણાવ્યું હતું કે, ''ઓપરેશન સિંદૂર એ રાષ્ટ્રના પ્રાથમિક પ્રતિરોધક અને વ્યૂહાત્મક અવરોધક તરીકે વાયુસેનાની મહત્વપૂર્ણ ભૂમિકાને ફરીથી પુષ્ટિ આપી. ઘણા સ્વદેશી રીતે વિકસિત શસ્ત્રોએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું, દુશ્મનને યોગ્ય જવાબ આપ્યો.''

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''ક્ષમતા-કેન્દ્રિત દળ આ સંદર્ભમાં સ્વાભાવિક રીતે શ્રેષ્ઠ છે, કારણ કે તે ફક્ત એક પર આધાર રાખવાને બદલે અનેક સાધનોનો ઉપયોગ કરી શકે છે. આ સુગમતાથી અમને અમારા પ્રતિભાવ અને નિયંત્રણમાં વધારો કરવાની મંજૂરી મળી.'' ગયા વર્ષે મે મહિનામાં પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં શરૂ કરાયેલ ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના પ્રદેશોમાં આતંકવાદી માળખા પર સચોટ હુમલા કર્યા હતા. ૧૯૭૧ ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ પછી તે ભારતનું સૌથી મોટું સરહદ પાર લશ્કરી ઓપરેશન હતું, જેણે સરહદ પાર આતંકવાદીઓની કરોડરજ્જુને નોંધપાત્ર રીતે પંગુ બનાવી દીધી હતી.

એર ચીફ માર્શલ એપી સિંહે કહ્યું હતું કે, ''ઓપરેશન સિંદૂર એ સાચો રસ્તો સાબિત કર્યો છે જે અમે પસંદ કર્યો છે. અમે આને વધુ મોટા સંકલ્પ સાથે ચાલુ રાખીશું જેથી જો રાષ્ટ્ર અમને ફરીથી બોલાવે, તો ભારતીય વાયુસેના રાષ્ટ્રની શરતો પર વધુ ઝડપથી, સચોટ અને વધુ તાકાત સાથે જવાબ આપી શકે.''

તેમણે એ પણ નોંધ્યું કે કેટલીક સ્વદેશી રીતે વિકસિત શસ્ત્ર પ્રણાલીઓએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું, દુશ્મનના પ્રદેશમાં ઊંડે સુધી પ્રહાર કર્યા અને નોંધપાત્ર વિનાશ કર્યો. વધુમાં, ભારતીય વાયુસેનાએ સમગ્ર ઓપરેશન દરમિયાન શૂન્ય કોલેટરલ નુકસાન (નાગરિકો અથવા સંપત્તિને કોઈ નુકસાન નહીં) ની પોતાની પ્રતિબદ્ધતા પૂર્ણ કરી. તેમણે ઉમેર્યું, ''ઓપરેશન સિંદૂર, સૌથી ઉપર, અમે અનુસરી રહેલા IAFની 'ક્ષમતા-કેન્દ્રિત' વ્યૂહરચનાને માન્ય કરે છે. હવે અમે ફક્ત વ્યક્તિગત પ્લેટફોર્મને બદલે 'ક્ષમતા' દૃષ્ટિકોણથી વિચારીએ છીએ.'' આમાં, દરેક વિમાન, સેન્સર, શસ્ત્ર અને નેટવર્ક એવી રીતે જોડાયેલા છે કે તેમની સંયુક્ત અસર તેમના વ્યક્તિગત ભાગોના સરવાળા કરતાં વધુ શક્તિશાળી બને છે.

મત ચોરી સહન નહીં થાય

રાહુલ ગાંધીએ ૧ નવેમ્બરે દિલ્હી કૂચ કરવા અને દેશ બચાવવા અપીલ કરી

નવીદિલ્હી, તા. ૨૫

ઇન્ડિયા એલાયન્સ ૧ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં એક વિશાળ ''મહારલી''નું આયોજન કરી રહ્યું છે. આ રેલી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ, ખાસ સઘન સમીક્ષા (SIR) ના વિરોધ અને ''મત ચોરી'' ના આરોપ માટે બોલાવવામાં આવી છે. કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આ મુદ્દાઓ પર સતત મોદી સરકાર પર નિશાન સાધી રહ્યા છે. દરમિયાન, તેમના નિવેદનમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે તેઓ મત ચોરીના મુદ્દા પર ચૂપ રહેશે નહીં. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેમના મત ચોરી થઈ રહ્યા છે અને તેઓ આને ચૂપચાપ સહન કરશે નહીં. તેમણે કહ્યું હતું કે મતદાર યાદીઓમાંથી નામ કાઢી નાખવામાં આવ્યા હતા, નિયમો અને નિયમો તોડવામાં આવ્યા હતા, અને જેમણે આ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો



તેમના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે દેશના લોકો હવે આનો જવાબ આપશે.

તેમની પોસ્ટમાં, કોંગ્રેસના સાંસદે લખ્યું હતું કે, ''૧ નવેમ્બર - ચાલો દિલ્હી જઈએ. મત બચાવો - દેશ બચાવો પીપલ્સ માર્ચ અને મહારલી.'' તેમણે લોકોને રેલીમાં જોડાવા અપીલ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓ, ખેડૂતો, મજૂરો, મહિલાઓ, યુવાનો અને ઉદ્યોગપતિઓ અને લોકશાહીની ચિંતા કરનારા કોઈપણ વ્યક્તિને રેલીમાં હાજરી આપવા વિનંતી કરી. તેમણે ઉમેર્યું કે મત તમારો છે, તેથી લડાઈ પણ તમારી છે. પોતાની પોસ્ટ સમાપ્ત કરતા, રાહુલ ગાંધીએ ભાજપ પર પ્રહાર કર્યા, રેલીના પ્રચાર માટે આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, ''ભાજપ અને તેના સાથી પક્ષોનો આ કાર્યક્રમને આટલા જોરશોરથી પ્રમોટ કરવા અને શક્ય તેટલા વધુ લોકો સુધી પહોંચવા બદલ હૃદયપૂર્વક આભાર. કૃપા કરીને આગામી સાત દિવસ સુધી આ ઉત્સાહ અને સમર્પણ જાળવી રાખો!'' ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ સહિત વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો અને નેતાઓ રેલીમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. કોંગ્રેસ પાર્ટી આ રેલીને ઐતિહાસિક બનાવવાનો હેતુ ધરાવે છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે તેઓ મત ચોરીના મુદ્દા પર ચૂપ રહેશે નહીં. તેમણે જનતાને ૧ નવેમ્બરના રોજ જનકર મંતર ખાતે યોજાનારી ''મત બચાવો - દેશ બચાવો'' રેલીમાં જોડાવા અપીલ કરી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, આંતરરાષ્ટ્રીય ડ્રગ નેટવર્કનો નાશ

'ઓપરેશન ટ્રાઇડન્ટ' દ્વારા મોદી સરકારનો હુમલો

નવીદિલ્હી, તા. ૨૫

મોદી સરકારે ''ઝીરો ટોલરન્સ'' નીતિ હેઠળ ઓપરેશન ટ્રાઇડેન્ટ દ્વારા માદક દ્રવ્યોના વેચાણ સામે વધુ એક મોટું અને નિર્ણાયક આક્રમણ શરૂ કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ વિશાળ કાર્યવાહીની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે એજન્સીઓએ આસામ, મિઝોરમ અને મણિપુરમાં ૩૮ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને એક મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ નેટવર્કને સંપૂર્ણપણે તોડી પાડ્યું હતું. અમિત શાહે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, ''મોદી સરકારે ઓપરેશન ટ્રાઇડેન્ટ દ્વારા માદક દ્રવ્યોના વેચાણ સામે વધુ એક મોટું આક્રમણ શરૂ કર્યું છે. ૨૩ ઓક્ટોબરના રોજ, અમારી એજન્સીઓએ આસામ, મિઝોરમ અને મણિપુરમાં ૩૮ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા અને એક આંતરરાષ્ટ્રીય નાર્કો-કાર્ટેલને તોડી પાડ્યું હતું.'' કેન્દ્રીય ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ કામગીરીમાં ₹૧૦૦ કરોડના હવાલા વ્યવહારોનો પર્દાફાશ થયો હતો. વધુમાં, ૧,૪૨૪ બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા હતા, ₹૧૭.૮૨ કરોડની સંપત્તિ જમ કરવામાં આવી હતી, અને ₹૧.૨ મિલિયન રોકડ મળી આવી હતી. વધુમાં, ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

શાહના મતે, આ નેટવર્ક 'ગોલ્ડન ટ્રાયેંગલ કોરિડોર' દ્વારા ભારત, મ્યાનમાર અને બાંગ્લાદેશની સરહદો પાર ડ્રગ્સની દાણચોરી કરતું હતું. તેમણે જણાવ્યું હતું કે આ કાર્યવાહી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં દરેક ડ્રગ નેટવર્કને ખતમ કરવાના ભારતના દૃઢ નિર્ધારને દર્શાવે છે. તેમણે જણાવ્યું હતું કે જ્યાં સુધી નાર્કો-કાર્ટેલ સંપૂર્ણપણે નાબૂદ ન થાય ત્યાં સુધી ભારત હુમલો ચાલુ રાખશે. તેમણે આ કામગીરીમાં સામેલ ત્રણ રાજ્યોની કેન્દ્રીય એજન્સીઓ અને પોલીસ દળોથી બનેલી એન્ટી-નાર્કોટિક્સ ટીમને પણ અભિનંદન આપ્યા હતા. મોદી સરકારે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં દરેક ડ્રગ નેટવર્કને ખતમ કરવાનું વચન આપ્યું છે. આ નેટવર્કને ખતમ કરવા માટે સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આસામ, મિઝોરમ અને મણિપુરમાં આ કાર્યવાહી આનો એક ભાગ છે. ઓપરેશન ટ્રાઇડેન્ટ હેઠળ, મોદી સરકારે એક મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ નેટવર્કને ખતમ કરી દીધું છે. અમિત શાહે કહ્યું કે આસામ, મિઝોરમ અને મણિપુરમાં ૩૮ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા અને ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.



શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

વાંચન વિશેષ

શરદ પૂનમે આદિકવિ વાલ્મિકી જયંતિ પણ આવે છે, જે ત્રેતાયુગનાં પ્રખર મહર્ષિ હતાં



હમણાં જ શરદપૂર્ણિમા હતી, અને આપણે ત્યાં આ પર્વ બે ઋષિઓની કે આદિકવિની યાદ અપાવે છે. એક તો આદિકવિ વાલ્મિકી, અને બીજા નરસિંહ મહેતા. આજ સુધી નરસિંહને કોઈએ આદિકવિ કહ્યાં, કોઈએ ભગત કહ્યાં, તો કોઈએ વેદાંતી પણ કહ્યાં, પરંતુ ઋષિ કદાચ કોઈએ નહીં કહ્યા હોય! ઋષિ એટલે મંત્ર દ્રષ્ટા એવું કહ્યું છે! અને મંત્રનો એક અર્થ વિચાર થાય! પરબ્રહ્મ કહો, બ્રહ્મ કહો, ઈશ્વર કહો, પરમાત્મા કહો, પણ એને વિશે સીધાસાદા શબ્દોમાં અને સાવ અભણને પણ સમજાવી શકે, એવી વેદવેદાંત કે ઈશ્વરની વ્યાખ્યા નરસિંહે પોતાના પદમાં કરી છે! જેમકે જાગને જાદવા, જે ગમે જગત ગુરુ દેવ જગદીશને, ભૂતળ ભક્તિ પદારથ મોટું, આખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ!: નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો! પ્રેમરસ પાને તું મોરનાં પિચ્છધર તત્વનું ટૂપણું તુચ્છ લાગે! આમ જેણે ઘર ઘરમાં ઈશ્વરને રમતો કર્યો એ નાગર નરસિંહને ઋષિ કહેવામાં મને કોઈ આપત્તિ નથી. નરસિંહ માટે મારું કાયમનું નિવેદન છે કે જે નર કાળને પણ કોળિયો બનાવી ઓળંગી ગયો એ નરસિંહ. જોકે કાયમ મને એવું પણ લાગે છે કે નરસિંહ વિશે કંઈ પણ કહેવા માટે હજી નાનાં છીએ! એની ભક્તિ રસાનુભૂતિ કે શબ્દાનુભૂતિ સુધી આપણી સ્થૂળ દ્રષ્ટિ ક્યારેય પહોંચી શકે નહીં.

વાલ્મિકી ઋષિ કે જેને મહર્ષિની ઉપાધિ પ્રાપ્ત થઈ છે, અને એનાં જન્મ વિશે આજે પણ મતમતાંતર ચાલે છે. પરંતુ આદિકવિ વાલ્મિકી રામાયણના પ્રથમ રચયિતા છે, અને કહેવાય છે કે રામાવતારના ૬૦ વર્ષ પૂર્વે તેમણે આ રામાયણની રચના કરી હતી. મહાન ભારતીય મહાકાવ્ય રામાયણના લેખક, વાલ્મિકી ઋષિ પ્રથમ સહસ્ત્રાબ્દીની શરૂઆતની આસપાસ જીવતા હતા. તેમને 'હિંદુ' શ્લોકના મૂળ નિર્માતા 'આદિકવિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. એમણે જ અનુષ્ટુપ છંદની રચના કરી હતી, અને એમને કારણે જ શ્લોક સ્વરૂપ રામાયણ, મહાભારત, પુરાણો અને અન્ય કૃતિઓ જેવા મહાન મહાકાવ્યો બનેલા છે. આ દિવસે મંદિરોમાં વિશેષ પૂજા, રામાયણનું પઠન, શોભાયાત્રા અને ભક્તિસંગીતના કાર્યક્રમો યોજાય છે.

પ્રચેતા નામના બ્રાહ્મણને ત્યાં આસો સુદ પૂનમના દિવસે તેમનો જન્મ થયો હતો, અને તેનું નામ રત્નાકર રાખવામાં આવે છે, આ ઉપરાંત તે પોતાના પિતાના નામ પ્રમાણે પ્રાચેતસ નામથી પણ ઓળખાય છે.તેના માતા-પિતા તપ કરવા જંગલમાં જાય ત્યારે પોતાના બાળકને જંગલમાં જ છોડી દે છે. એક ભીલ દંપતી તેને ધનુર્વિદ્યામાં પારંગત બનાવીને આગળ ઉપર પોતાની કમાણી માટેનું સાધન બનાવે છે. આમ એક બ્રાહ્મણનું સંતાન અયોગ્ય ઉછેરને કારણે વાલીયા નામનો લુટારો બને છે, જે અરણ્યમાં આવતા લોકોને બાણ મારીને લૂંટીને તેનું ઘર પરિવાર ચલાવે છે. એકવાર અરણ્યમાં નરેડા નામના મહર્ષિ આવે છે , અને વાલિયા લૂંટારાને પાપ કર્મથી બચાવે છે. વાલિયો મહર્ષિને કહે છે તમે મોહ માયાથી અંધ બનેલી આંખો ખોલી નાખી, હવે હું આવુ પાપ કર્મ નહિ કરું, અને ભગવાનનુ તપ કરીશ. મહર્ષિ જતા જ વાલીઓ લૂંટારો એ સ્થાન પર બેસી જાય છે. અન્ન જળ ત્યાગીને ભગવાનનું તપ કરવા લાગે છે, અને તેની પર રાફડો જામતો જાય છે. રાફડાને સંસ્કૃતમાં વાલ્મિક કહેવામાં આવે છે, માટે ત્યારથી તેનું નામ વાલ્મીકિ પડે છે.

તેમણે ત્યાર બાદ તમસા નદીને કિનારે પોતાનો આશ્રમ બનાવ્યો,અને ભારદ્વાજ ઋષિ તેમના મુખ્ય શિષ્ય હતા. એકવાર નદીમાં સ્નાન કરવા જતાં સમયે સામેના ઝાડ પર કૌંચ નામના પક્ષી યુગલનો નર કામાસક્ત બન્યો, ત્યાં જ એક પારધિએ તેને બાણ માર્યું,અને તે મૃત્યુ પામે છે, આથી તેનું સાથી દુખી થઈને વિલાપ કરે છે,જે જોઈને વાલ્મીકિ ઋષિના મોઢામાંથી કરુણતાને કારણે એક શ્લોક સરી પડ્યો.

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः।
यत्क्रौंचमिथुनादेकम् अवधीः काममोहितम्।।

આમ અનુષ્ટુપ છંદની રચના થઈ, ઋષિને પોતે ઋષિ હોવા છતાં આમ પારધિને શ્રાપ આપી દીધાની વેદના પણ થઈ. તેમણે નારદમુનીને પોતાની આ વેદના કહી, અને નારદજી એ આ શ્લોકને જન જન સુધી પહોંચાડવા માટેનો અનુરોધ કર્યો, અને એ રીતે રામાયણના મહાકાવ્યની રચના વાલ્મીકિ ઋષિના હાથે થઈ પ્રભુ શ્રીરામ એ માતા સીતાનો બીજીવાર નો ત્યાગ કર્યો પછી એમણે જ પોતાના આશ્રમમાં સીતા ને સાચવી લીધા હતા અને લવ કુશ બંને બાળકોને તમામ વિદ્યા શીખવી હતી! તેમજ રામાયણ નું જ્ઞાન પણ આપ્યું હતું. આ બંને બાળકો એ અશ્વમેધ યજ્ઞ વખતે પ્રભુ શ્રીરામ ના અશ્વ ને લલકાર્યો હતો.

નરસિંહ અને વાલ્મિકી બંને નાં ચરિત્ર પરથી એક વાત નક્કી થાય છે, કે એક ઋષિ એ લવ કુશ જેવાં વીરને સકલ વિદ્યા થી વિભૂષિત કર્યા, અથવા તો રમતા કર્યા, જ્યારે બીજા ઋષિએ વેદ નાં બ્રહ્મ ને વરણ વરણ માં રમતો કર્યો. આપણે ત્યાં વાલ્મિકી એક સમાજને કહેવામાં આવે છે અને એમની પાસે પણ અમુક લોકો વિદ્યા છે અને જે સાધન થકી પણ માત્ર મનોરંજન નહીં પણ મનોમંથન થઈ શકે છે, અને ભવોભવના બંધન છૂટે છે.

સાગર ચંદ્રમાનું પૂર્ણ તેજસ્વી સ્વરૂપ જોઈને ગાન્ડોતૂર થાય છે, અને તેથી પૂનમે ભરતી અને અમાસે ઓટ હોય છે. ચંદ્રની વધતી ઘટતી કળાથી પૂર્ણ થતાં કામ ભાવની વૃદ્ધિ કરનાર પુનમને દિવસે મન કાબૂમાં રહે, એ માટે જ મહારાસ એટલે કે આત્મા-પરમાત્મા અને પ્રકૃતિ ત્રણેનાં મિલનનો સંયોગ એટલે કે શરદ પૂર્ણિમાની રાતનો મહારાસ છે, જ્યાં જીવ પ્રકૃતિ સાથે પરમ તત્વમાં તલ્લીન થઈ જાય છે, એટલે કે સ્વયંની જે પ્રકૃતિ હોય તે ભૂલીને કૃષ્ણ તત્વમાં સમાય જાય છે,એ મહારાસ હશે જ એવો કે જ્યાં સૌ કોઈ ભાન ભૂલી જાય, એટલે જ તો નરસૈયો પણ ભાન ભૂલી જાય છે, અને હાથ સળગી જાય છે. સૂક્ષ્મ રીતે આ ઘટનાને જોઈએ તો નરસિંહ મહેતાએ દેહને સળગાવ્યાં પછીની મુક્તિની અવસ્થાનો જીવતા આનંદ લીધો, એવું પણ આપણે કહી શકીએ. શંકર ગોપી બન્યા એટલે કે સ્ત્રી લીંગ ,પુ લીંગની આપણી માનસિકતા એ બધું જ છૂટે તો જ આ મહારાસ એટલે કે જીવન મુક્તિના રાસમાં પ્રવેશ મળે. આપણામાં આવી જાગૃતિ જલ્દી આવે, અને સમયની હવે પછીની એક પણ ક્ષણ બગડે નહીં, એમ આપણે પણ જાગૃત રહીને મોહ માયાના ચકરડા થી દૂર રહી સૌ પ્રત્યે પરમ પ્રેમનાં શરદની ચાંદની જેવાં અહેસાસ તળે વીતાવીને આ શરદપૂર્ણિમાને ઉજવીએ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

રાજકોટમાં કોંગ્રેસનો ધડાકો

દેશમાં ૧૩.૩ કરોડ મતાધિકારની 'વોટ ચોરી'!

મહારાષ્ટ્રના પૂર્વ કેબિનેટ મંત્રી સુનીલ કેદરની પત્રકાર પરિષદઃ 'વોટ બચાઓ - દેશ બચાઓ' મુદ્દે વર્તમાન સરકાર અને ચૂંટણી પંચ સામે ગંભીર આરોપો

રાજકોટ, તા. ૨૫

દેશની મતદાર યાદીઓમાંથી કરોડો ભારતીય નાગરિકોના બંધારણીય મતાધિકાર છીનવાઈ જવાની અત્યંત ગંભીર ઘટનાને લઈને આજે રાજકોટ ખાતે મહારાષ્ટ્રના વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને પૂર્વ કેબિનેટ મંત્રી સુનીલ કેદરે એક તીખી પત્રકાર પરિષદને સંબોધી હતી. ''વોટ બચાઓ - દેશ બચાઓ'' મુદ્દાને આગળ ધરીને સુનીલ કેદરે વર્તમાન ભાજપ સરકાર અને ચૂંટણી પંચની કામગીરી સામે તીખા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે દેશભરની મતદાર યાદીઓમાંથી અંદાજે ૧૩.૩ કરોડ નાગરિકોના નામ ગાયબ થઈ ગયા છે, જે એક બહુ મોટું લોકશાહી ષડયંત્ર અને સોસિયલ લેવલની 'વોટ ચોરી' છે.

પત્રકાર પરિષદમાં સુનીલ કેદરે જણાવ્યું હતું કે, જ્યારે પણ દેશના કરોડો નાગરિકોના મતાધિકાર છીનવાઈ જવાનો ગંભીર મુદ્દો સામે આવે છે, ત્યારે તેના પર જવાબ આપવાને બદલે વડાપ્રધાન અને ગૃહમંત્રી મૂળ પ્રશ્ન પરથી ધ્યાન હટાવવા માટે રાજકીય નિવેદનબાજી કરે છે અને વિપક્ષી નેતાઓ પર પ્રહારો કરવાની પોતાની જૂની સ્ક્રિપ્ટનો ઉપયોગ કરી રહ્યા છે. ૧૩.૩ કરોડ ભારતીયોનો બંધારણીય હક છીનવાઈ ગયો હોવા છતાં ભાજપ સરકાર વિપક્ષોને બદનામ કરવાનો જ પ્રયાસ કરી રહી છે.

આ ગંભીર દવાનો આધાર આપતા સુનીલ કેદરે જાણીતા અર્થશાસ્ત્રીઓ જીન ડ્રેઝ અને યોગેન્દ્ર યાદવના સ્વતંત્ર તપાસ અહેવાલનો હવાલો આપ્યો હતો. આ રિપોર્ટ અનુસાર, દેશના મુખ્ય ૯ રાજ્યોની અંદાજિત વયસ્ક વસ્તી અને પોસ્ટ-SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) ફાઇનલ વોટર લિસ્ટ વચ્ચે ૭.૦૬ કરોડ એટલે કે ૧૧.૭% નો મોટો તફાવત જોવા મળ્યો છે. આ જ તફાવતના આધારે સમગ્ર દેશના સ્તરે ગાયબ થયેલા મતદારોનો આંકડો ૧૨ થી ૧૪ કરોડ સુધી પહોંચે છે, જે સરેરાશ ૧૩.૩ કરોડ જેટલો થાય છે.

રાજ્યવાર આંકડાકીય વિગતો રજૂ કરતા તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૫૩.૩ મિલિયનની વયસ્ક વસ્તી સામે માત્ર ૪૪ મિલિયન મતદારો જ યાદીમાં નોંધાયેલા છે,



જેનો સીધો અર્થ એ થાય છે કે રાજ્યમાંથી ૯.૩ મિલિયન એટલે કે ૧૩.૪% મતદારોના નામ યાદીમાંથી ગાયબ છે. ઉત્તર પ્રદેશમાં ૨.૭૭ કરોડ વયસ્કો (૧૭.૧%) ના નામ યાદીમાંથી દૂર થઈ ગયા છે. બિહારમાં જેઁછ પ્રક્રિયા દરમિયાન ૬૮.૫ લાખ નામો કાઢી નાખવામાં આવ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે બિહારની ૨૪૩ માંથી ૧૨૪ વિધાનસભા બેઠકો પર ૨૬ કરાયેલા નામોની સંખ્યા જીતના માર્જિન કરતાં પણ વધુ છે. દિલ્હીમાં ડ્રાફ્ટ યાદીમાંથી ૪૭.૫ લાખ નામો સીધા બહાર કરી દેવાયા છે અને નવા નામ ઉમેરવા માટેના ફોર્મ-૬ ના ૩.૫ લાખથી વધુ આવેદનો પેન્ડિંગ રાખવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં ૬૦.૦૭ લાખ મતદારો એજ્યુડિકેશનમાં મુકાયા હતા, પરંતુ બાદમાં કરાયેલી અપીલોમાં ૯૧% કિસ્સાઓમાં ખોટી રીતે કાઢી નાખેલા નામો ફરી ઉમેરવાની ચૂંટણી પંચને ફરજ પડી હતી.

ગૃહમંત્રી દ્વારા વારંવાર કરવામાં આવતા 'ઘૂસણખોરોને હટાવવા'ના દાવાઓને પાયાવિહોણા ગણાવતા કોંગ્રેસ નેતાએ 'રિપોર્ટર્સ કલેક્ટિવ'ના તપાસ રિપોર્ટનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે ચૂંટણી પંચના પોતાના જેઁછ સોફ્ટવેરમાં નામ કમી કરવા માટે માત્ર ૪ જ વિકલ્પો ઉપલબ્ધ છેઃ ૧. ગેરહાજર, ૨. સ્થળાંતરિત, ૩. બેવડું નામ (ડુપ્લિકેટ) અને ૪. મૃત્યુ. આ સોફ્ટવેરમાં 'વિદેશી' કે 'ઘૂસણખોર' દર્શાવવા માટે કોઈ વિકલ્પ જ બનાવવામાં આવ્યો નથી, જે સાબિત કરે છે કે ઘૂસણખોરીના નામે સામાન્ય અને વૈધ ભારતીય નાગરિકોના નામ જ યાદીમાંથી કાઢી નાખવામાં આવી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના પીલીભીત સદર બેઠક પર સામે આવેલા એક મોટા કૌભાંડનો પર્દાફાશ કરતા તેમણે ઉમેર્યું હતું કે, ત્યાં ૧૬,૫૫૪ મતદારોની વિગતો અને નામો બદલી નાખવામાં આવ્યા હતા, પરંતુ તેમનો ઊઝઈ નંબર અને સિરિયલ નંબર એ જ રાખવામાં આવ્યો હતો. આના કારણે નાગરિક જ્યારે મતદાનના દિવસે પોતાના બૂથ પર પહોંચે ત્યારે જ તેને ખબર પડે કે તે વોટ આપી શકશે નહીં. કોંગ્રેસના અઙ પ્રભારી રાજેન્દ્ર પાલ ગૌતમ દ્વારા આ સમગ્ર કૌભાંડ ખુલ્લું પાડવામાં આવ્યા બાદ, ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) એ તમામ જિલ્લાઓની મતદાર યાદીઓ તપાસવાના આદેશ આપ્યા હતા અને જવાબદાર ઊછઘ તથા ઓપરેટર સામે કાનૂની કાર્યવાહી કરીને તેમને ડ્યુટી પરથી હટાવી દેવામાં આવ્યા છે.

અંતમાં સુનીલ કેદરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બંધારણે આપેલા મતાધિકાર એ દેશના દરેક નાગરિકનો સાર્વભૌમ હક છે અને તેને આ રીતે છીનવી લેવો એ લોકશાહીનું ગળું ટૂંપવા સમાન છે. કોંગ્રેસ પક્ષ ''વોટ બચાઓ - દેશ બચાઓ'' ઝુંબેશ હેઠળ આ વોટ ચોરી સામે દેશભરમાં અવાજ ઉઠાવશે અને દેશના નાગરિકોના બંધારણીય હકોની રક્ષા માટે લડત ચાલુ રાખશે.

હનીટ્રેપ-બ્લેકમેલિંગથી ત્રાસેલા નેપાળી યુવાનનો આપઘાત

શ્રદ્ધા રાજપૂત અને મેહુલ જેઠવાના ત્રાસથી યુવરાજ થાપાએ ઝેર પીધું

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરમાં એક કાળજું કંપાવનારી અને હચમચાવી મુકનારી ઘટના સામે આવી છે જેમાં એક ભોળા અને આશાસ્પદ શ્રમિક યુવાનનો ભોગ લેવાયો છે. સોશિયલ મીડિયાની માયાજાળમાં ફસાવીને પ્રેમના નામે કેવી ભયંકર લૂંટ ચલાવવામાં આવે છે તેનો આ જીવતો જાગતો અને દર્દનાક દાખલો છે. ઇન્સ્ટાગ્રામ પર થયેલા પ્રેમસંબંધનો ગેરલાભ ઉઠાવીને શ્રદ્ધા રાજપૂત નામની યુવતી અને તેના સાથીદાર એવા સ્પા સંચાલક મેહુલ જેઠવાએ ૨૬ વર્ષીય નેપાળી યુવાન યુવરાજ કેતનભાઈ થાપાને મોતના મુખમાં ધકેલી દીધો છે. આ રાક્ષસી વૃત્તિ ધરાવતા તત્વોએ યુવરાજના ન્યૂડ ફોટા પાડીને તેને અવારનવાર બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. બદનામીના ડરથી ફફડતા આ ભોળા યુવાન પાસેથી આ લૂંટારાઓએ ટુકડે ટુકડે કરીને છ લાખ રૂપિયાની માતબર રકમ અને સોનાના દાગીના પડાવી લીધા હતા. પ્રેમમાંથી છૂટ્યા પછી પણ આ શૈતાની જોડીએ યુવરાજનો પીછો છોડ્યો ન હતો અને સતત માનસિક ત્રાસ ગુજારીને તેને આર્થિક અને માનસિક રીતે નિચોવી નાખ્યો હતો.

આ સમગ્ર ઘટનામાં કાયદાનો કોઈ ડર જ ન હોય તેમ આરોપી મેહુલ જેઠવા પોતાની જાતને પ્રેસ રિપોર્ટર ગણાવીને યુવરાજને સતત ધમકાવતો હતો. એક તરફ શ્રદ્ધા રાજપૂત ન્યૂડ ફોટા વાયરલ કરવાની ધમકીઓ આપતી હતી અને બીજી



તરફ આ નકલી પ્રેસવાળો મેહુલ તેને સોશિયલ મીડિયા પર બદનામ કરવાની અને ખોટા કેસમાં ફસાવી દેવાનો ડર બતાવતો હતો. આ બેવડા ત્રાસ અને આર્થિક શોષણથી શ્રમિક યુવરાજ એટલી હદે કંટાળી ગયો હતો કે તેને જીવવું ઝેર લાગવા માંડ્યું હતું. અંતે આ બ્લેકમેલિંગથી બચવાનો કોઈ રસ્તો ન દેખાતા વિજયા દશમીના પવિત્ર દિવસે આ યુવાને આજી ડેમ ખાતે પહોંચીને ઝેરી દવા ગટગટાવી લીધી હતી. સમાજમાં બદનામ થવાના ડરે અને પરિવારની આબરૂ બચાવવા માટે આ નિર્દોષ યુવાને મોતને વહાલું કરી લીધું. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા યુવરાજનું આજે ૨૫ ઓક્ટોબરના રોજ સવારે સારવાર દરમિયાન કરુણ મૃત્યુ થતા તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

નેપાળી સમાજમાં ભારે આક્રોશ

યુવરાજ તેના ગરીબ નેપાળી પરિવારનો એકનો એક દીકરો અને ઘરનો મુખ્ય આધારસ્તંભ હતો. આ નરાધમોએ માત્ર એક યુવાનનો જીવ નથી લીધો પરંતુ એક આખા પરિવારનો સહારો છીનવીને તેમને આર્થિક અને માનસિક સંકટની ખાઈમાં ધકેલી દીધા છે. એકનો એક વહાલસોયો દીકરો ગુમાવતા પરિવારજનોની હાલત અત્યંત કફોડી બની છે. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર નેપાળી સમાજમાં શોકની સાથે ભયંકર આક્રોશ ફેલાયો છે. નેપાળી સમાજના પ્રમુખ સંજય કારકીએ મીડિયા સમક્ષ પોતાનો રોષ ઠાલવતા સ્પષ્ટ માંગ કરી છે કે આવા બ્લેકમેલરોને કડકમાં કડક સજા થવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ અન્ય નિર્દોષ યુવાન આવી હનીટ્રેપનો શિકાર ન બને. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે ત્યારે હવે તંત્ર અને પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈને બંને આરોપીઓ શ્રદ્ધા રાજપૂત અને મેહુલ જેઠવા સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવી જ રહી. આવા સમાજના દુશ્મનોને દાખલારૂપ સજા મળે અને મૃતક યુવરાજના ગરીબ પરિવારને ન્યાય મળે તેવી ઉગ્ર માંગ સમગ્ર સમાજ દ્વારા કરવામાં આવી રહી છે.

માધાપર ખીજડાવાળી શેરીમાં અરેરાટી : સોનુબેન ટોયટાએ લોખંડના એંગલ સાથે ચુંદડી બાંધી જીવન ટૂંકાવ્યું

પરિણીતાનો ગળેફાંસો ખાઈ આપઘાત

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરમાં આપઘાતના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ઉમિયાધાર માધાપર ખીજડાવાળી શેરીમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં રહેતા ૩૦ વર્ષીય પરિણીતા સોનુબેન કનુભાઈ ટોયટાએ તારીખ ૨૫/૧૦/૨૦૨૬ ના રોજ સવારે કોઈ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં લોખંડના એંગલ સાથે ચુંદડી બાંધીને ગળેફાંસો ખાઈ લેતા સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવની જાણ થતાં જ તાત્કાલિક ધોરણે રમેશભાઈ વાલાભાઈ બાંભવાએ ૧૧૨ નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. આ ઉપરાંત આલાપ ચોક ૧૧૨ ના ઈન્ચાર્જ પીસી વિપુલકુમાર જીવરાજભાઈ દ્વારા પણ આ અંગેની ટેલિફોનિક માહિતી પૂરી પાડવામાં આવી હતી જેને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ઘટનાસ્થળે પહોંચેલી ૧૦૮ એમ્બ્યુલન્સના ઈન્ચાર્જ ડોક્ટર પ્રકાશ વાળાએ તપાસ કરીને સોનુબેનને મૃત જાહેર કર્યા હતા અને આ બનાવની સત્તાવાર નોંધ કરાવવામાં આવી હતી. પ્રાથમિક પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ મૃતક સોનુબેનના લગ્નને ૧૦ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હતો પરંતુ તેમને કોઈ સંતાન ન હતું. સમાજમાં એક સ્ત્રી માટે માતૃત્વનું સુખ ન મળવું તે કેટલી મોટી માનસિક પીડા હોઈ શકે છે તેનો કદાચ આ ઘટના પરથી અંદાજ લગાવી શકાય છે. જોકે આ પરિણીતાએ ખરેખર



નિઃસંતાન હોવાના દુઃખમાં જ આ અંતિમ અને આત્યંતિક પગલું ભર્યું છે કે પછી આ આપઘાત પાછળ કોઈ અન્ય પારિવારિક કે માનસિક કારણ જવાબદાર છે તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. કોઈ અગમ્ય કારણોસર ભરેલા આ પગલાંથી પરિવારજનો અત્યંત ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે.

હાલમાં ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશન ખાતે આ બનાવ અંગે એડી નંબર ૬૮/૨૬ હેઠળ અકસ્માતે મોતની નોંધ કરી લેવામાં આવી છે. આ મામલાની આગળની વધુ અને ઊંડાણપૂર્વકની તપાસ એ.એસ.આઈ. જયદિપસિંહ જાડેજાને સોંપવામાં આવી છે. પોલીસ હવે મૃતકના પરિવારજનો, પાડોશીઓ અને સંબંધીઓના નિવેદનો નોંધીને એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે એવી કઈ મજબૂરી કે પરિસ્થિતિ નિર્માણ પામી હતી જેના લીધે ભરી જુવાનીમાં ૩૦ વર્ષીય સોનુબેને ગળેફાંસો ખાઈને પોતાની જીવનલીલા સંકેલી લેવાનો પીડાદાયક નિર્ણય લેવો પડ્યો. પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને બનાવનું સાચું કારણ શોધવાની તજવીજ શરૂ કરી છે.

સોનાના ચેનની ચોરીમાં માતા-પુત્રી ઝડપાયા

ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૧.૯૦ લાખના મુદ્દામાલ સાથે નિકિતા-વૈશાલીને ઝડપી લીધી

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ આચરનારા અને સામાન્ય લોકોની પરસેવાની કમાણી લૂંટનારા તત્વો સામે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશ્નર બી.બી.બસીયાની સીધી સૂચનાથી વાહન ચોરી અને ઘરફોડ ચોરીના ગુનાઓ ઉકેલવા ટીમ કામે લાગી હતી. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ. એસ.એમ. રાણાની ટીમના સ્ટાફને મળેલ ચોક્કસ હકીકતના આધારે, લક્ષ્મીવાડી મેઈન રોડ પર પાયલ કોમ્પ્લેક્ષની પાછળ ગોવિંદપરા શેરી નંબર-૦૧ માં રહેતી બે રીઢી તસ્કરણી માતા પુત્રી- નિકિતા અને વૈશાલીને ૧.૮૦ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડી માલવીયાનગર પોલીસ સ્ટેશનનો અણઉકેલ ગુનો ઉકેલી નાખ્યો છે.

પોલીસે જે માતા-પુત્રીને પકડ્યા છે તેમાં લક્ષ્મીવાડી મેઈન રોડ પર પાયલ કોમ્પ્લેક્ષની પાછળ ગોવિંદપરા શેરી નંબર-૦૧ માં રહેતી નિકીતા અલ્પેશભાઈ સાવલીયા અને તેની પુત્રી વૈશાલી અલ્પેશભાઈ સાવલીયા છે, આ બંને પોલીસ ચોપડે ચડી ચૂકેલી ખતરનાક રીઢી તસ્કરણી છે. બંનેએ આખા ગુજરાતમાં ગુનાખોરીનો આતંક મચાવ્યો છે. નિકીતા સામે અગાઉ રાજકોટ, ગીર સોમનાથ, સુરત, બોટાદ, ભાવનગર અને અમરેલીમાં ચોરી, જુગાર ધારા અને પ્રોહીબિશન જેવા ૧૩ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. વૈશાલી સામે પણ ગીર સોમનાથના ઉના અને સુરત શહેરના ખટોદરા પોલીસ સ્ટેશનમાં ચોરીના બે ગુના નોંધાઈ ચુક્યા છે.

પોલીસે બંને પાસેથી ૧,૯૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે જેમાં ૧,૫૦,૦૦૦ ની કિંમતનો ૧૬.૯૩૦ ગ્રામનો એક સોનાનો ચેન અને ૪૦,૦૦૦ ની કિંમતનું GJ-03-QG-૧૭૭૪ નંબરનું એક મોટરસાયકલ સામેલ છે.

માતા-પુત્રી પકડાઈ જવાથી માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીનો ગુનો ઉકેલાઈ ગયો છે. બંનેને પકડવામાં ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એસ.એમ. રાણાની ટીમના એ.એસ.આઈ. સંજયભાઈ દાફડા, વિજયરાજસિંહ જોડેજા, હેડ કોન્સ્ટેબલ તુલસીભાઈ ચુડાસમા, લાલજીભાઈ હાડગડા, સુભાષભાઈ ધોધારી, ધર્મેન્દ્રભાઈ કુંચાલા, કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયા, ધર્મેશભાઈ ખાંડેખા અને મહિલા કોન્સ્ટેબલ શિલ્પાબેન વિરજા અને ત્રિપદાબેન ભટ્ટ દ્વારા કામગીરી-કાર્યવાહી કરવામાં આવી હતી.

ખેડૂતોને પૂરેપૂરું વળતર આપવા અને અન્યાય ન થવા દેવા મુખ્યમંત્રીની ખાતરી

મોરબી વીજ પોલ વિવાદ ગાંધીનગર પહોંચ્યો

સિદસર ઉમિયાધામના ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયાની મધ્યસ્થીથી સરકાર સાથેની બેઠક સુખદ

રાજકોટ, તા. ૨૫

મોરબી જિલ્લાના ખેડૂતો માટે છેલ્લા કેટલાક સમયથી અતિ સંવેદનશીલ અને ચર્ચાસ્પદ બનેલા વીજ પોલ (હાઈટેન્શન વીજ થાંભલા) અને ખેતરોમાંથી પસાર થતી પાવર લાઈનના વિવાદમાં આખરે મોટો અને સાનુકૂળ વળાંક આવ્યો છે. સિદસર ઉમિયાધામના ઉપપ્રમુખ અને પાટીદાર અગ્રણી જગદીશભાઈ કોટડીયાની મધ્યસ્થી અને આગેવાની હેઠળ ગઈકાલે ગાંધીનગર ખાતે રાજકીય મોવડીમંડળ સાથે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક અત્યંત સુખદ, સફળ અને નિર્ણાયક રહી છે. ગાંધીનગરમાં યોજાયેલી આ બીજા તબક્કાની બેઠકમાં રાજ્યના મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને નેતાઓ સાથે આશરે એક કલાક સુધી ગહન અને વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

મોરબી ક્ષેત્રના ખેડૂતો પોતાના કિંમતી જમીન-ખેતરોમાંથી પસાર થતા વીજ કોરિડોર, વીજ થાંભલા અને હાઈટેન્શન વાયરો સામે યોગ્ય વળતર તથા પાકના નુકસાની મુદ્દે આંદોલન ચલાવી રહ્યા હતા. આ મુદ્દાને સરકાર સમક્ષ વાસ્તવિક અને ધારદાર રીતે રજૂ કરવા માટે સિદસર ઉમિયાધામના ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયાએ આગળ આવી મધ્યસ્થી હાથ ધરી હતી. ગાંધીનગરમાં યોજાયેલી આ બેઠક દરમિયાન તેમણે ખેડૂતોની વેદના અને વ્યાજબી માંગણીઓને મુખ્યમંત્રી અને કૃષિમંત્રી સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં મૂકી હતી.

આ ગહન ચર્ચાના અંતે મુખ્યમંત્રી અને સમગ્ર મોવડીમંડળે ખેડૂતોના હિતમાં કેટલાંક અત્યંત મહત્ત્વના અને ક્રાંતિકારી નિર્ણયો પર સંમતિ દર્શાવી



હતી. પ્રથમ તો, એમ.આર.સી. (ખછઈ) કમિટીની સમગ્ર નીતિ અને નિર્ણય પ્રક્રિયામાં ખેડૂતોને પ્રથમ પ્રાધાન્ય આપવાની માંગણી સ્વીકારવામાં આવી છે, જેથી ભવિષ્યમાં કોઈ પણ કાળે કોઈ ખેડૂત સાથે અન્યાય કે અન્યાયકારી નીતિ લાગુ ન થાય. બીજું, ખેતરોમાંથી પસાર થતા કોરિડોર અને હાઈટેન્શન તારના કારણે જમીનની કિંમતમાં થતા ઘટાડા તેમજ વળતરના મુદ્દે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર ખેડૂતોના વળતર મુદ્દે કોઈ કચાસ રાખશે નહીં અને દરેક ખેડૂતને યોગ્ય ન્યાય અપાશે.

તેમજ, જ્યારે ખેતરોમાં વીજ થાંભલા ઊભા કરવામાં આવે કે તાર ખેંચવામાં આવે ત્યારે ઊભા પાકને જે મોટું આર્થિક નુકસાન થાય છે, તે મુદ્દાને પણ બેઠકમાં ખૂબ સચોટ રીતે ઉઠાવવામાં આવ્યો હતો. સરકારે આ બાબતે સમર્થન આપતાં સ્પષ્ટ કર્યું છે કે ઊભા પાકના નુકસાનનો ગહનતાથી અભ્યાસ કરવામાં આવશે અને ખેડૂતોને વાસ્તવિક નુકસાની મુજબ પૂરેપૂરું વળતર મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

આ સફળ બેઠક બાદ માહિતી આપતાં ઉમિયા ધામ સિદસરના ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં યોજાયેલી આ બીજી બેઠક ખૂબ જ સકારાત્મક વાતાવરણમાં સંપન્ન થઈ છે. ખેડૂતોનો અવાજ સરકારના સર્વોચ્ચ શિખર સુધી પહોંચાડવામાં આપણને સફળતા મળી છે અને સરકારે પણ ખેડૂતોની માંગણીઓ પ્રત્યે અત્યંત સંવેદનશીલ અભિગમ દાખવ્યો છે. ગાંધીનગર ખાતેથી મળેલી આ ખાતરી બાદ મોરબી જિલ્લાના આંદોલનકારી ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોમાં ભારે રાહત અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

રાજકોટ રહેતાં અને હડમતાળા ખાતે કારખાનું ચલાવતો યુવાન ભોગ બન્યો

ફેક્ટરીના સંચાલકો-એજન્ટની ૨૪.૭૬ લાખની ઠગાઈ

વેપારના બહાને માલ મંગાવી બાકી રકમ અને જોબ વર્ક માટે આપેલ કાસ્ટિંગ તેમજ ઝીંક દબાવી દીધોઃ કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

રાજકોટ તા. ૨૫

૧૫૦ ફૂટ રિંગ રોડ પર રહેતા અને હડમતાળા ઋ્છઁઉઈ ખાતે એન્જિનિયરિંગ કારખાનું ચલાવતા યુવા વેપારી સાથે પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતેની ફેક્ટરીના સંચાલકો અને એજન્ટે વેપાર અને જોબ કામના નામે કુલ રૂપિયા ૨૪,૭૬,૩૩૮ની છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાત આચર્યાની ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર વેપારીએ કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર તંતી પાર્કમાં રહેતા અને ઇ.ઊ. મિકેનિકલ સુધીનો અભ્યાસ કરેલ હરીકૃષ્ણ દિનેશભાઈ ભંડેરી (ઉ.વ.૩૦) હાડમતાળા ઋ્છઁઉઈમાં 'પ્રાઇમ મેટલ કાસ્ટ' નામના કારખાનામાં ભાગીદારી પેઢીથી છેલ્લા આશરે નવેક વર્ષથી કાસ્ટિંગ બનાવી તેનું વેચાણ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ફેબ્રુઆરી-૨૦૨૪ દરમિયાન તેઓ પંચમહાલ જિલ્લાના હાલોલ ઋ્છઁઉઈ, જી.એસ.ટી. ભવનની બાજુમાં આવેલ 'આર.આર. એન્જિનિયરિંગ'ના માલિક રચનાબેન રશ્મીકાંત પંડ્યા, તેમના પતિ તથા કારખાનાના વહીવટકર્તા રશ્મીકાંત હર્ષદભાઈ પંડ્યા અને હાલોલ મેઘદૂતના એજન્ટ બીજલભાઈ રોહિતભાઈ કાકા સાથે વેપાર સંબંધમાં જોડાયા હતા.

શરૂઆતમાં હરીકૃષ્ણભાઈ પોતાની કંપનીમાંથી કાસ્ટિંગનો માલ-સમાન ૩૦ દિવસની ઉધારી પર આર.આર. એન્જિનિયરિંગને આપતા હતા. ફેબ્રુઆરી-૨૦૨૪થી ફેબ્રુઆરી-૨૦૨૫ સુધીમાં કુલ રૂ. ૨,૧૨,૮૭,૭૬૯નો માલ આપ્યો હતો, જેમાંથી માર્ચ-૨૦૨૫ સુધીમાં રૂ. ૧,૩૪,૮૬,૧૦૮ તથા રિટર્ન માલ આર.ટી.જી.એસ.થી ચૂકવી આપવામાં આવ્યા હતા.

જોબ કામના બહાને માલ અને રકમ અટકાવી દીધાનો આક્ષેપ : માર્ચ-૨૦૨૫ પછી બાકી રહેતી રકમ આપવાનું બંધ કરી દેતા હરીકૃષ્ણભાઈએ



માલ આપવાનું બંધ કર્યું હતું. જેથી આરોપીઓ રશ્મીકાંત પંડ્યા અને બીજલભાઈ કાકાએ એજન્ટ તરીકે કાસ્ટિંગ માલ-સમાન જોબ કામ માટે આપવા અને બાકી રહેતા રૂપિયા જોબ કામ કરીને ચૂકવી આપવા જણાવ્યું હતું. જેથી વેપારીએ ફરી માલ આપવાનું શરૂ કર્યું હતું.

આર.આર. એન્જિનિયરિંગના કારખાનામાં અંદાજે ૩૫ ટન જેટલો કાસ્ટિંગનો માલ પેન્ડિંગ પડ્યો હતો. કામ માટે ઝીંકની જરૂર હોવાનું જણાવતા હરીકૃષ્ણભાઈએ તા. ૦૭/૦૭/૨૫થી ૧૪/૦૭/૨૫ દરમિયાન ત્રણ ટુકડે રૂ. ૬,૫૦,૦૦૦ આરટીજીએસથી આપ્યા હતા, જેના બદલામાં આશરે ૧૫ ટનનું કામ કરી આપવામાં આવ્યું હતું. ત્યારબાદ વધુ ઝીંક માંગતા તા. ૨૬/૦૮/૨૦૨૫ના રોજ ૧૦૦૨ કિલો અને તા. ૦૨/૦૯/૨૫ના રોજ ૬૯૪ કિલો વડોદરાની મહાવીર મેટલ કંપનીમાંથી ખરીદીને કુલ ૧૬૯૬ કિલો ઝીંક પૂરું પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ થોડું કામ કરી કામકાજ બંધ કરી દેવામાં આવ્યું હતું.

સમગ્ર વ્યવહાર અંતર્ગત વેપારીના હિસાબે નીચે મુજબની રકમ અને માલ લેવાના બાકી નીકળે છે. વેચાણ તથા લેણી નીકળતી રકમ રૂ. ૯,૮૦,૧૫૭, જોબ કામ માટે પડેલ ૯૧૮૪ કિલો કાસ્ટિંગ રૂ. ૯,૧૮,૪૦૦, અંદાજે ૧૫૦૦ કિલો ઝીંક આશરે કિંમત રૂ. ૫,૭૭,૭૮૧ મળી કુલ રૂ. ૨૪,૭૬,૩૩૮નાઆ માલ-સમાન અને નાણાં અવારનવાર પરત માંગવા છતાં આરોપીઓ દ્વારા આપવામાં આવ્યા ન હતા. આ બાબતે અગાઉ ભાગીદાર મુકેશભાઈ અરજણભાઈ ધામેડિયા અને પિતા દિનેશભાઈ સમક્ષ ચર્ચા કરવામાં આવી હતી અને સમાધાનના પ્રયાસો પણ નિષ્ફળ ગયા હતા. અંતે કોઈ રસ્તો ન નીકળતા હરીકૃષ્ણભાઈએ પોતાના પિતા સાથે કોટડા સાંગાણી પોલીસ સ્ટેશને પહોંચીને રચનાબેન રશ્મીકાંત પંડ્યા, રશ્મીકાંત હર્ષદભાઈ પંડ્યા અને એજન્ટ બીજલભાઈ રોહિતભાઈ કાકા વિરુદ્ધ ગુનાહિત વિશ્વાસઘાત અને ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. આ મામલે કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.બી. ખાચર દ્વારા આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

જમીન વિવાદમાં પિતરાઈ ભાઈઓનો આતંક, કોઠારીયા રોડ પર આવેલી દુકાનમાં 3000 રૂપિયાનું નુકસાન

દુકાન ખાલી કરી નાખો નહીં તો સામાન ફેંકી દઈશ કહી તોડફોડ

સુરેન્દ્રનગરના પરાલી ગામની વડવાઈ જમીનના ભાગ મામલે માથાકૂટઃ ભક્તિનગર પોલીસમાં ફરિયાદ



રાજકોટ તા. ૨૫

શહેરના કોઠારીયા રોડ પર આવેલી 'મા બિલ્ડકેર' નામની દુકાનમાં જમીન બાબતના મનદુ:ખને લઈને પિતરાઈ ભાઈ અને ભત્રીજા દ્વારા આતંક મચાવવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. ગામડે આવેલી જમીનના ભાગ-બટાઈના વિવાદને લઈને આરોપીઓએ દુકાનમાં તોડફોડ કરી આશરે રૂપિયા ૩,૦૦૦જેટલું નુકસાન પહોંચાડ્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ભોગ બનનારે હકુમતસિંહ રણજીતસિંહ ઝાલા અને અર્જુનસિંહ હકુમતસિંહ ઝાલા વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિજયનગર વિસ્તારમાં રહેતા અને ટાગોર રોડ પર ખાનગી નોકરી કરતા સહદેવસિંહ રણજીતસિંહ રાણા (ઉ.વ.૬૨) નામના વડીલના પરિવાર સાથે સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના પરાલી ગામે આવેલી આશરે ૪૦ વીઘા જમીનના ભાગ-બટાઈના મુદ્દે ભાઈઓ વચ્ચે વિવાદ ચાલે છે. આ બાબતનું મનદુ:ખ રાખી ગત તા. ૨૩ ઓક્ટોબરના રોજ નાના ભાઈ હકુમતસિંહે સહદેવસિંહના ઘર આગળ આવીને ''બોલાવ તારા ઘરનાને અને તારા દીકરાને, આજ મારી જ નાખવા છે'' કહીને ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે અગાઉ પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપવામાં આવી હતી.

આ મનદુ:ખની અદાવત રાખીને ગઇકાલે તા. ૨૪ ઓક્ટોબરના રોજ સાંજના સાડા સાતેક વાગ્યે સહદેવસિંહ અને તેમનો પુત્ર રવિરાજસિંહ કોઠારીયા ચોકડી પાસે સત દેવીદાસ અમર માં આશ્રમની સામે આવેલી પોતાની 'મા બિલ્ડકેર' દુકાને હાજર હતા. તે દરમિયાન ભત્રીજો અર્જુનસિંહ હકુમતસિંહ ઝાલા એક્ટિવા લઈને ત્યાં આવ્યો હતો અને દુકાન આગળ ઊભા રહીને ''મોટા ભાઈને કહેજો અમારી જમીન વાવે નહીં, ખાલી કરી નાખે... કાલે દસ વાગ્યે દુકાન ખાલી કરી નાખજો નહીં તો સામાન ફેંકી દઈશ અને દુકાન તોડી ફોડી નાખીશ'' કહી ધમકી આપી હતી.

આમ ધમકી આપી વધુ ઉશ્કેરાઈ જઈ આરોપી અર્જુનસિંહે દુકાનની એલ્યુમિનિયમની ફ્રેમ ઉપર લોખંડની પાઇપનો એક ઘા મારી નુકસાન કર્યું હતું. દરમિયાન અન્ય ભત્રીજાઓ ઉપેન્દ્રસિંહ અને ગણપતસિંહ પણ દોડી આવ્યા હતા અને વધુ નુકસાન થતું અટકાવવા માટે પાઇપ પકડી લીધો હતો, ત્યારબાદ આરોપી પોતાની ગાડી લઈને નાસી છૂટ્યો હતો. આ બનાવ અંગે ભોગ બનનાર સહદેવસિંહ રાણાએ હકુમતસિંહ રણજીતસિંહ ઝાલા અને અર્જુનસિંહ હકુમતસિંહ ઝાલા (રહે. સુખરામનગર, રાજકોટ) વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દંડ ન ભરવો હોય તો ૭૦ હજાર આપવા પડશે તેવો રૌફ છાંટ્યો

ચોટીલા PGVCLનો હેલ્પર ૬૦ હજારની લાંચ લેતા ઝડપાયો

રાજકોટ ગ્રામ્ય એસીબીના પીઆઈ મહેન્દ્રસિંહ રાણા સહિતની ટીમે હેલ્પર બીપીન પારેજીયાને દબોચી લીધો

રાજકોટ, તા.૨૫

વીજ ચોરીનો ડર બતાવીને ખેડૂતો અને સામાન્ય નાગરિકોનું લોહી ચૂસતા ભ્રષ્ટ બાબુઓ માટે એક લાલ બત્તી સમાન કિસ્સો છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે પી.જી.વી.સી.એલ કચેરીમાં બેસીને લાંચનું ખુલ્લું ટેબલ ચલાવતો વર્ગ-૪ નો હેલ્પર બીપીન ભરતભાઈ પારેજીયા એન્ટી કરપ્શન બ્યુરોની ટ્રેપમાં રંગેહાથ ઝડપાઈ ગયો છે. એક જાગૃત નાગરિકની હિંમત અને એસીબીની સચોટ કામગીરીએ ભ્રષ્ટાચારના આ કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે.

ઘટનાની વિગત એવી છે કે, ચોટીલા ગ્રામ્ય-૨ ની પી.જી.વી.સી.એલ કચેરીમાં ફરજ બજાવતા હેલ્પર બીપીન પારેજીયાએ થોડા સમય પહેલાં ફરિયાદીની વાડીએ વીજ ચેકિંગ કર્યું હતું. માત્ર ચેકિંગ કરીને ન અટકતા, આ હેલ્પર પોતાની સત્તાનો દુરુપયોગ કરીને વાડીમાં રહેલું વીજ મીટર ઉતારીને પોતાની કચેરીએ લઈ ગયો હતો. જ્યારે ફરિયાદી નાગરિક પોતાની વાડીનું મીટર પાછું લગાવવા માટે કચેરીએ રૂબરૂ રજૂઆત કરવા ગયા, ત્યારે આ લાંચિયા હેલ્પરે પોતાનો અસલી રંગ બતાવ્યો હતો.

હેલ્પર બીપીન પારેજીયાએ ફરિયાદીને સીધી જ ધમકી આપી કે, ''તમે વીજ ચોરી કરી છે એટલે તમારું મીટર કાઢી લીધું છે. હવે જો તમારે દંડ ન ભરવો હોય અને મીટર ફરીથી વાડીએ લગાવવું હોય, તો પેટે ૭૦,૦૦૦ આપવા પડશે.'' વીજ ચોરીના ખોટા કેસમાં ફસાવવાની અને તોતિંગ દંડની ધમકી આપીને પરસેવાની કમાણી લૂંટવાનો આ ખુલ્લો ખેલ હતો.

પરંતુ, આ વખતે ભ્રષ્ટ હેલ્પરનો પનારો એક



જાગૃત નાગરિક સાથે પડ્યો હતો. ફરિયાદી કોઈ પણ સંજોગોમાં લાંચ આપવા માંગતા ન હતા. ભ્રષ્ટાચાર સામે ઘૂંટણ ટેકવવાના બદલે તેમણે સીધો જ રાજકોટ ગ્રામ્ય એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) નો સંપર્ક કર્યો હતો. આ ફરિયાદના આધારે રાજકોટ ગ્રામ્ય એ.સી.બી.ના પીઆઈ મહેન્દ્રસિંહ રાણાએ લાંચિયા અધિકારીને પાઠ ભણાવવા માટે લાંચનું છટકું ગોઠવ્યું હતું.

તા. ૨૫/૧૦/૨૦૨૬ ના રોજ ચોટીલા ગ્રામ્ય-૨ ની પી.જી.વી.સી.એલ કચેરીમાં જ એ.સી.બી. ની ટીમ ગોઠવાઈ ગઈ હતી. અગાઉ થયેલી ૭૦,૦૦૦ ની માંગણી બાદ નક્કી થયેલી રૂ. ૬૦,૦૦૦/- ની લાંચની રકમ લેવા માટે જેવો હેલ્પર બીપીન પારેજીયાએ હાથ લંબાવ્યો અને લાંચ સ્વીકારી, કે તરત જ ટ્રેપિંગ અધિકારી પી.આઈ. એમ. એન. રાણા અને તેમની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ દબોચી લઈને લાંચની ૬૦,૦૦૦ ત્યાં જ રિકવર કરી લેવામાં આવી છે.

ભ્રષ્ટાચારીઓ માટે કડક સંદેશ

પી.જી.વી.સી.એલ જેવી અત્યંત મહત્વની કચેરીમાં બેસીને ખેડૂતો અને નાગરિકોને ખંખેરતા આવા તોડબાજ તત્વો સામે એ.સી.બી. ની આ શાનદાર ટ્રેપ એક જબરદસ્ત પ્રહાર છે. જો કોઈ સરકારી અધિકારી કે કર્મચારી તમારું કાયદેસરનું કામ કરવા માટે કે ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને લાંચ માંગે, તો ડર્યા વિના આ જાગૃત નાગરિકની જેમ એ.સી.બી. નો સંપર્ક કરવો જરૂરી છે. કેમ કે લાંચિયા બાબુઓની સાચી જગ્યા ખુરશી પર નહીં, પણ જેલના સળિયા પાછળ હોવાનું પોલીસનું માનવું છે!

ડમી શખ્સને ઊભો કરી બોગસ વેચાણ દસ્તાવેજ બનાવી લેનાર શખ્સો સામે ગુનો દાખલ

કેનેડાના યુવકની કરોડોની જમીન હડપવા કાવતરૂ

જયરાજ પ્લોટ વિસ્તારમાં આવેલી કિંમતી મિલકતના માલિક વિદેશમાં હોવાનો ગેરલાભ લઈને અસલી માલિકના બદલે અન્ય વ્યક્તિને ખરો બતાવી સબ-રજિસ્ટ્રાર કચેરીમાં કરાયું કૌભાંડ : દસ્તાવેજની વીડિયો રેકોર્ડિંગ તપાસતા ડમી શખ્સ અને ખોટા સાક્ષીઓનો ભાંડો ફૂટ્યો, પરિવાર દ્વારા પ્ર. નગર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ



રાજકોટ, તા. ૨૫

શહેરમાં જમીન માફિયાઓ દ્વારા આચરવામાં આવતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ઠગાઈનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કેનેડામાં સ્થાયી થયેલા એક યુવકની વારસાગત અને કિંમતી જમીનને હડપ કરવાના ઇરાદાથી ઠગ ટોળકીએ અસલી માલિકના નામે કોઈ અન્ય અજાણ્યા ડમી શખ્સને ઊભો કરીને સબ-રજિસ્ટ્રાર કચેરીમાં બોગસ વેચાણ દસ્તાવેજ બનાવી લીધા હોવાનું બહાર આવ્યું છે. આ મામલે ભોગ બનનાર પરિવાર દ્વારા પોલીસ મથકે લેખિત ફરિયાદ આપવામાં આવી છે.

ફરિયાદી હેમાબેન હરીશભાઈ સાકરીયા દ્વારા જણાવવામાં આવ્યા મુજબ, રાજકોટના જયરાજ પ્લોટ શેરી નં. ૪/૧૧ માં સીટી સર્વે નં. ૧૧૮૨ પૈકીની અંદાજે ૧૫૫.૮૩ ચોરસ મીટર (૧૩૦.૩૪ ચો.મી.) જમીન આવેલી છે. આ મિલકત તેમના દાદા દેવજીભાઈ લક્ષ્મણભાઈ સાંકરીયાના નામે હતી, જેમણે તા. ૦૮/૦૪/૧૯૯૩ ના રોજ વસીયતનામું કરી આ જમીન અને મકાન તેમના પૌત્ર એટલે કે ફરિયાદીના ભાઈ વિશાલના નામે કર્યું હતું. તે સમયે વિશાલ સગીર વયના હોવાથી, તેમના પિતા હરીશભાઈ દેવજીભાઈ સાકરીયાએ કોર્ટમાંથી ગાર્ડિયનશીપ મેળવી હતી.

વિદેશમાં રહેતા ભાઈની ગેરહાજરીનો લાભ લીધો : ફરિયાદીના ભાઈ વિશાલ હરીશભાઈ સાકરીયા વર્ષ ૨૦૧૦ થી ૨૦૨૩ દરમિયાન ભારતના અલગ-અલગ શહેરોમાં નોકરી અર્થે રહ્યા હતા અને તા.૬/૦૪/૨૦૨૩ના રોજ કેનેડા ખાતે પ્રાઇવેટ નોકરી માટે ચાલ્યા ગયા હતા. ત્યારથી આજદિન સુધી તેઓ ક્યારેય ભારત પરત આવ્યા નથી અને સતત કેનેડા જ રહે છે.

વિશાલ વિદેશમાં હોવાથી કુટુંબીજનો દ્વારા જયરાજ પ્લોટ ખાતેની આ મિલકતની સમયાંતરે મુલાકાત લેવામાં આવતી હતી. દરમિયાન, ફેબ્રુઆરી ૨૦૨૬માં પરિવારજનો જ્યારે આ જગ્યાની મુલાકાતે ગયા ત્યારે તેમને ત્યાં નવું બાંધકામ કરવા માટે પાયા ખોદેલા જોવા મળ્યા હતા. આ અંગે તપાસ કરતાં ત્યાં નરેન્દ્રભાઈ ગડીયા નામના વ્યક્તિ હાજર મળ્યા હતા, જેમણે આ જગ્યા ઉત્તમસિંહ નામના વ્યક્તિ પાસેથી ખરીદ કરી હોવાનું જણાવ્યું હતું.

પરિવારે સબ-રજિસ્ટ્રાર કચેરી ખાતે જઈને તપાસ કરતા ચોંકાવનારી હકીકત બહાર આવી હતી કે, તા. ૧૨/૦૮/૨૦૨૪ના રોજ ઉત્તમસિંહ અભેસિંહ રાઠોડ અને જયરાજસિંહ વિજયસિંહ જાડેજાએ વિશાલના નામે ખોટા દસ્તાવેજો બનાવીને આ જમીન ખરીદ-વેચાણ કરી લીધી હતી. આ દસ્તાવેજની કરાવતી વખતે સબ-રજિસ્ટ્રાર કચેરીમાં થયેલ વીડિયો રેકોર્ડિંગની ચકાસણી કરવામાં આવતા તેમાં ખુલાસો થયો કે, વિશાલના નામે કોઈ અન્ય અજાણ્યો ડમી માણસ હાજર રહીને પોતાની ઓળખ આપી રહ્યો હતો. એટલું જ નહીં, આ બોગસ વ્યવહારને ખરો સાબિત કરવા માટે રાહુલ મુકેશભાઈ ચાવડા અને દીપ ગોરધનભાઈ પરસાણીયા નામના શખ્સોએ ખોટા સાક્ષીઓ તરીકે સહીઓ કરી હતી.

વિશાલ કેનેડા હોવા છતાં તેમના નામે ખોટા દસ્તાવેજો બનાવી, ડમી વ્યક્તિ ઊભી કરી અને ખોટી સાક્ષીઓ નોંધીને વિશ્વાસઘાત તથા ઠગાઈ આચરવા અંગેની આ ગંભીર ઘટના સંદર્ભે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કાયદો વ્યવસ્થા જાળવવા પોલીસની વિકેન્ડ ડ્રાઈવઃ ઠેકઠેકાણે ચેકીંગ

છરી સાથે ૧૧ ને દારૂ પીધેલા ૨૨ ઝબ્બે

તહેવાર નજીક હોઈ પોલીસનું સઘન ચેકીંગઃ ઝડપાયેલા તમામ સામે કડક કાર્યવાહી

રાજકોટ તા. ૨૫

કાયદો વ્યવસ્થા જાળવવા શહેર પોલીસ દ્વારા કડક કાર્યવાહી વીકેન્ડ ડ્રાઈવ અંતર્ગત કરવામાં આવી છે. જેમાં છરી સાથે ફરતા અને નશાની હાલતમાં વાહન ચલાવતા શખ્સો ઝડપાયા હતાં. શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસે હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને ગેરકાયદેસર છરી સાથે ફરતા કુલ ૧૧ શખ્સો તેમજ કેફી પ્રવાહી દારૂ લપીધેલી હાલતમાં અને નશામાં વાહનો ચલાવતા કુલ ૨૨ જેટલા શખ્સોને પકડી કુલ મળીને ૩૩ થી વધુ કેસોમાં આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

શહેરમાં હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગેરકાયદેસર છરી સાથે પકડાયેલા આરોપીઓની વિગતવાર માહિતી મુજબ, ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગૌરવ ચંદુભ ટાંક (ઉ.વ. ૨૪, રહે. ન્યુ ગોપવંદના સોસાયટી, શ્યામ હોલ પાસે, રાજકોટ) ઝડપાયા હતા. તેમજ પ્રદ્યુમનનગર વિસ્તારમાંથી મનોજ બાબુ રાખપસરે (ઉ.વ. ૪૭, રહે. જંકશન ગાયકવાડી શેરી નં. ૩, રાજકોટ), ગાંધીગ્રામ વિસ્તારમાંથી પંકેશ ઉપેન્દ્ર રાઠોડ-મારવાડી (ઉ.વ. ૨૨, રહે. ઘંટેશ્વર ૨૫ વારીયા મેલડીમાના મંદિર ખાતે, રાજકોટ) અને ગૌરાગ ભગુ રાઠોડ (ઉ.વ. ૩૨, રહે. રૈયા રોડ હનુમાન મઢી પાસે, છોટુનગર કોમ્યુનીટી હોલ સામે, રાજકોટ) પકડાયા હતા. આ ઉપરાંત, ગાંધીગ્રામ-૨ (યુનિ.) વિસ્તારમાંથી લાલજી પોપટ રાઠોડ (ઉ.વ. ૩૦, રહે. વસંતવિહાર સોસાયટી, રોયલ રીટ્રીટ હોટલ પાસે, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ), માલવીયાનગર વિસ્તારમાંથી સંજય રઘુ ડોડીયા (ઉ.વ. ૩૦, રહે. વિનાયકનગર શેરી નં-૧૯, મવડી, રાજકોટ) તથા વીવેક ઉર્ફે અભી હરેશ દેથડીયા (ઉ.વ. ૨૫, રહે. અમરનગર ૧, આશોપાલવ પાર્ક, મવડી પ્લોટ, રાજકોટ) ઝડપાયા હતા. એ-ડિવિઝનમાંથી રોહીત કૈલાશ હળવદીયા (ઉ.વ. ૨૦, રહે. જંકશન પ્લોટ ગાયકવાડી શેરી નં. ૩, રાજકોટ), બી-ડિવિઝનમાંથી વીપુલ ભોજા માલકીયા (ઉ.વ. ૩૭, રહે. મચ્છાનગર શેરી નં. ૦૮, માર્કેટીંગ યાર્ડ પાછળ, રાજકોટ) તથા મહેશ બચુ રાઠોડ (ઉ.વ. ૪૨, રહે. માલધારી સોસાયટી, લાલપરી તળાવના કાંઠે, રાજકોટ) અને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સુરેશ ચંદ્રમની માઝી (ઉ.વ. ૫૦, રહે. સુભાષ સોસાયટી શેરી નં. ૧૨, મવડી, રાજકોટ) તથા મેહુલ દેવજી ચંદ્રપાલ (ઉ.વ. ૧૯, રહે. ભીમનગર શેરી નં. ૮, જડુસ હોટેલ નજીક, કાલાવાડ રોડ, રાજકોટ) ને પોલીસે જાહેરમાં છરી સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



બીજી તરફ, વાહન ચલાવતી વખતે કેફી પ્રવાહી (દારૂ) પીધેલા હોવાનું માલૂમ પડતા મોટર વાહન અધિનિયમ અને પ્રોહીબિશન કલમો હેઠળ ઝડપાયેલા વાહનચાલકોમાં કુવાડવા રોડ વિસ્તારમાંથી મહેશ નાગજી સોલંકી (ઉ.વ. ૪૦, રહે. નવાગામ આણંદપર દેવનગર ઢોરો, રાજકોટ) અને હરેશ વાલા મકવાણા (ઉ.વ. ૨૨, રહે. માલીયાસણ ગામ, તા.જી. રાજકોટ) સામેલ છે. ભક્તિનગર વિસ્તારમાંથી પ્રફુલ ઠાકરશી મકવાણા (ઉ.વ. ૫૪, રહે. ખોડિયાર પરા મેઈન રોડ, ભગવતીપરા, રાજકોટ), તેમજ થોરાળા વિસ્તારમાંથી ગુલામશબ્બિર હુશેનમીયા બુખારી (ઉ.વ. ૪૦, રહે. ભગવતીપરા મેઈન રોડ, રાજકોટ), શૈલેષ ધના રોજાસરા (ઉ.વ. ૪૨, રહે. સદગુરુ સોસાયટી શેરી નં-૧, સંત કબીર રોડ, રાજકોટ), અજય સવજી ગણદીયા (ઉ.વ. ૩૩, રહે. ગંજીવાડા શેરી નં-૦૨, રાજકોટ) અને અશ્વિન વાલજી મકવાણા (ઉ.વ. ૨૬, રહે. ગંજીવાડા શેરી નં-૧ ની સામે, ભાવનગર રોડ, રાજકોટ) ઝડપાયા હતા.

આ ઉપરાંત આજી ડેમ વિસ્તારમાંથી લલીત મોહન શેખવા (ઉ.વ. ૪૫, રહે. માંડાડુંગર, રાજકોટ), અવિનાશ દેવીસિંગ મોનીયા (ઉ.વ. ૨૦, રહે. તીન ઈમલી ગામ, ઈન્દોર, મધ્ય પ્રદેશ) અને પુનો નાનજી વાઘેલા (ઉ.વ. ૨૧, રહે. વંશરાજનગર શેરી નં. ૦૧, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ) તેમજ ગાંધીગ્રામ વિસ્તારમાંથી રાજેશ નટવર દેવાણી-ખોજા (ઉ.વ. ૫૫, રહે. સુભાષનગર શેરી નં.-૦૧, રાજકોટ) નશાની હાલતમાં વાહન ચલાવતા પકડાયા હતા.

તેમજ માલવીયાનગર વિસ્તારમાંથી રાજુ ફુલા બારૈયા (ઉ.વ. ૪૦, રહે. શ્રીનાથજી સોસાયટી શેરી નં-૦૮, રાજકોટ) અને કૃપાલસિંહ કરણસિંહ પવાર (ઉ.વ. ૪૦, રહે. વીનાયક શેરી નં. ૦૪, મવડી પ્લોટ, રાજકોટ), રાજકોટ તાલુકામાંથી રાહુલ રાજેશ ભાગીયા-ચેડીયા (ઉ.વ. ૨૬, રહે. વીર સાવરકરનગર આવાસ યોજના ક્વાર્ટર્સ, કાલાવાડ રોડ, રાજકોટ) તથા હિરેન ઓધવજી લીંબાસીયા (ઉ.વ. ૩૪, રહે. મવડી ચોકડી પાસે ઉદયનગર ૦૧, રાજકોટ) અને બી-ડિવિઝનમાંથી રવિ પ્રભુદાસ ગોંડલીયા (ઉ.વ. ૩૨, રહે. ચામુંડા સોસાયટી બ્લોક નં. ૧૪, કુવાડવા રોડ, રાજકોટ)ને દારૂ પીધેલી અને નશાની હાલતમાં વાહન ચલાવતા ઝડપી પાડી પોલીસ દ્વારા કડક કાયદેસરના પગલાં લેવામાં આવ્યા છે.

નિમંત્રણની APK ફાઈલ મોકલી બેંક ખાતું ખાલી કર્યું

સંતકબીર રોડના વેપારીનો ફોન હેક કરી સાયબર ઠગો ૨.૫૦ લાખ ઉપાડી લીધા



રાજકોટ તા. ૨૫

શહેરના સંતકબીર રોડ વિસ્તારમાં રહેતા અને વેપાર સાથે સંકળાયેલા વ્રજલાલ વલ્લભદાસ ગરાચ નામના મોટેરા સાથે સાયબર ફ્રોડની ગંભીર ઘટના બની છે. સાયબર ઠગોએ અત્યાધુનિક તરકીબ અપનાવીને વેપારીના બેંક ખાતામાંથી કુલ રૂ. ૨,૫૦,૦૦૦ની રકમ સેરવી લીધી હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૨૫/૦૮/૨૦૨૬ ના રોજ ફરિયાદીના કસ્ટમરના વોટ્સએપ નંબર પરથી એક આમંત્રણ લગતી ફાઇલ આવી હતી. ત્યારબાદ તે જ નંબર પરથી એક સ્ટેટસ મૂકવામાં આવ્યું હતું કે ''મારું વોટ્સએપ એકાઉન્ટ હેક થયેલ હોય જેથી કોઈ એપીકે ફાઇલ આવે તો ખોલવી નહીં'', પરંતુ તે પહેલાં ફરિયાદીએ તે એપીકે ફાઇલ ડાઉનલોડ કરી લીધી હતી.

તે જ રાત્રે અચાનક ફરિયાદીનો મોબાઈલ ફોન બંધ થઈ ગયો હતો. બાદમાં જમાઈએ મોબાઈલ ચાલુ કરી આપતા જ ફોનમાં અલગ-અલગ જગ્યાએથી પચાસ જેટલા ઓટીપી આવવા લાગ્યા હતા અને ફોનની એપ્લિકેશનો બંધ થઈ ગઈ હતી.

ફરિયાદીએ ગૂગલ પે એપ્લિકેશન ચેક કરતા તે બંધ બતાવતી હતી, જેથી જમાઈએ તેને ડિલીટ કરી રી-ઇન્સ્ટોલ કરી હતી. ત્યારબાદ બેંક ઓફ બરોડાના ખાતા નં. ૦૨૯૦૧૦૦૦૦૪૨૮૮માં બેલેન્સ ચેક કરતાં તેમાં રહેલા કુલ રૂ. ૨,૫૦,૦૦૦ ઉપડી ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. આ ઘટના અંગે તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર અને થોરાળા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કેરાવાયો છે.

ઘર પાસે સીટી બસની રાહ જોઈ રહી હતી ત્યારે પતિએ કહ્યું 'તું કેમ આજે વહેલી નીકળી ગઈ હતી?'

ચારિત્ર્ય પર શંકા કરી પત્નીને માનસિક-શારીરિક ત્રાસ

વકીલ તરીકે પ્રેક્ટિસ કરતાં મહિલા સાથે પતિ દ્વારા અવારનવાર મારઝૂડઃ આજીડેમ પોલીસમાં ફરિયાદ

રાજકોટ તા. ૨૫

શહેરના રાધા પાર્ક-૧ વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ પોતાના જ પતિ સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી હેતલબેનના લગ્ન વર્ષ ૨૦૦૮માં સમાજના રીતિ-રિવાજ મુજબ કમલેશભાઈ વેલજીભાઈ ચાંદગરા સાથે થયા હતા. લગ્ન જીવન દરમિયાન તેમને બે દીકરીઓ છે.

લગ્ન બાદ આ દંપતી વેરાવળ સોમનાથ ગીર સોમનાથ જિલ્લામાં સંયુક્ત પરિવારમાં રહેતું હતું અને છેલ્લા ચાર વર્ષથી ધંધાકીય કામ અર્થે અલગ રહેતા હતા. ફરિયાદી વકીલ તરીકે કામ કરી પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવે છે.

ઘટનાની વિગતો જોઈએ તો ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તા. ૨૪/૧૦ના રોજ સવારના સાડા દસ વાગ્યાની આસપાસ ફરિયાદી પોતાના ઘર પાસે સીટી બસની રાહ જોઈ રહી હતી ત્યારે પતિ કમલેશભાઈએ ત્યાં આવીને ઝઘડો કર્યો હતો. પતિએ ચારિત્ર્ય પર શંકા રાખીને ''તું કેમ આજે વહેલી નીકળી ગઈ હતી?'' તેમ કહી ગાળો બોલી અપમાનિત કરી હતી. બાદમાં ફોન પર પણ અવારનવાર ધમકીઓ આપી હતી કે ''તારે ત્યાં જ રહેવું, હવે અહીં આવવાની જરૂર નથી અને કોર્ટમાં મળીશું''.



સાંજના સમયે જ્યારે ફરિયાદી કોર્ટથી ઘરે પરત ફરી ત્યારે પતિ સૂતો હતો અને જાગીને ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ફરિયાદીના નાના બાળકોની હાજરીમાં બાવડું પકડીને ઘરના મુખ્ય દરવાજા સુધી ધક્કા મારીને બહાર કાઢી મૂકી હતી. આ ઘટનાથી નાની બે દીકરીઓ પણ ખૂબ જ ડૂબી ગઈ હતી.

અગાઉના ત્રાસ અને દબાણની બાબતો જોઈએ તો પરિણીતા અગાઉ વકીલાતની સાથે જૂનાગઢ ખાતે પ્રેક્ટિસ કરતી હતી ત્યારે પણ પતિ ધંધામાં ધ્યાન ન આપતા હોવાના કારણે રૂપિયાની તંગી ઊભી થતી હતી. પતિ દ્વારા ફરિયાદીના ભાઈઓ પાસેથી રૂપિયા લાવવા માટે સતત દબાણ કરવામાં આવતું હતું. અગાઉ થયેલા ઝઘડાઓ બાબતે સમાધાન થયા હોવા છતાં પતિ દ્વારા ફરીથી શંકા રાખીને શારીરિક તથા માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું. આ સમગ્ર મામલે ભોગ બનનાર મહિલાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી કાયદેસરની કડક કાર્યવાહી કરવા માટે ન્યાયની માગણી કરી છે.

અજાણ્યા શખ્સે વેપારીના મોબાઈલ પર વોટ્સએપ દ્વારા સંપર્ક કર્યો અને જાળ બિછાવી

સિરામિક ટાઈલ્સના વેપારી સાથે ગઠિયાગીરી

શની પટેલ નામના શખ્સે ડ્રાઈવરને મોકલી માલ આપી દયો પૈસા મોકલું છું કહી ફ્રોડ આચર્યુંઃ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ



સિરામિક ટાઈલ્સના વેપારી સાથે ૧.૬૮ લાખથી વધુની ઠગાઈ, શની પટેલ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાઈ : વેપારીની ફર્મમાંથી ક્વાટસ સીન્ક (ટાઈલ્સ)નો ઓર્ડર મેળવી, મોરબી ખાતે માલ મંગાવી ચેક કે રોકડા રૂપિયા ન આપી ફોન બંધ કરી દેનાર શખ્સ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી

રાજકોટ તા. ૨૫

શહેરના અંબીકા ટાઉનશીપ, બ્લોક નં. એ-૧૨૦૪, સી ધી હાઈટ્સ, ૬૦ ફૂટ રોડ, જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા વિજયભાઈ અશોકભાઈ વડારીયા (જાતે પટેલ, ઉંમર વર્ષ ૩૨) નામના યુવકે પોલીસ સ્ટેશનમાં એક લેખિત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી વિજયભાઈના જણાવ્યા મુજબ, તેઓ અંદાજે ચારેક વર્ષથી પોતાના કુટુંબ પરિવાર સાથે રહે છે અને કે.કે. ચોક, આલપ એવન્યુની સામે 'એબાર્ક ઈન્ટરનેશનલ' નામે સિરામિક સેનેટરી (ટાઈલ્સ અને સીન્ક)નો વેપાર કરી પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવે છે.

ઓર્ડર આપવાની શરૂઆત અને વોટ્સએપ ચેટ : તારીખ ૨૮/૦૪/૨૦૨૬ના રોજ ફરિયાદીના મોબાઈલ નંબર પર એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી 'વશ' નો મેસેજ આવ્યો હતો અને તરત જ તે જ નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર શખ્સે પોતાની ઓળખ 'એમ. બી. ટ્રેડીંગ' ફર્મના શની પટેલ તરીકે આપી હતી અને જણાવ્યું હતું કે તેને ક્વાટસ સીન્ક (ટાઈલ્સ) ખરીદવી છે તેમજ કાલે જ સવારમાં માલની ડિલિવરી જોઈએ છે.

જેથી શની પટેલે આપેલા મોબાઈલ નંબરમાં વેપારીએ માલનું લિસ્ટ વોટ્સએપમાં મોકલ્યું હતું.

૨૪*૧૮ સાઈઝની ૫૦ સીન્ક, ૨૧*૧૮ની ૪૦ સીન્ક અને ૧૬*૧૮ની ૧૦ સીન્ક આ લિસ્ટ મુજબ વેપારીએ તેનું પ્રાઈઝ લીસ્ટ પણ મોકલી આપ્યું હતું. ત્યારબાદ શની પટેલ સાથે ફોન પર વાતચીત થતાં તેણે જણાવ્યું હતું કે, ''તમે માલ મોકલી આપો, હું તમને રોકડા રૂપિયા આપી દઈશ'' અથવા માલ મળ્યેથી ચેક આપી દઈશ.

માલની ડિલિવરી અને ટ્રાન્સફરની ઘટમાળ : આ વાતચીતના આધારે ગત તારીખ ૨૯/૦૪ના રોજ કુલ રૂપિયા ૧,૬૮,૦૨૦ ની કિંમતનો માલ શની પટેલ માટે મોરબી ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. શની પટેલે એવું જણાવ્યું હતું કે તમારા ગાડીવાળા ભાઈનો મોબાઈલ નંબર મને આપો જેથી તેને મોરબી ખાતેનું એડ્રેસ સમજાવી દઉં અને માલ ખાલી થતાં જ ડ્રાઈવરને નાણાં કે ચેક આપી દેશે.

વેપારીએ વિશ્વાસ રાખીને રાજકોટથી જીડી વાળા અમૃતભાઈ સાથે માલ મોકલ્યો હતો. અમૃતભાઈ મોરબી પહોંચતા જ શની પટેલે ફોન કરીને અમૃતભાઈને મહેન્દ્ર નગર ચોકી ખાતે બોલાવ્યા હતા. ત્યાં મહિન્દ્રા કંપનીની બોલેરો ગાડી નંબર જીજે-૩-વી-૮૪૧૨)ના ડ્રાઈવર અમીતભાઈ કુંડારીયાની ગાડીમાં માલ ટ્રાન્સફર કરાવી લીધો હતો.

પરંતુ માલ પહોંચાડનાર ડ્રાઈવર અમૃતભાઈને શની પટેલે કોઈ ચેક કે રોકડા રૂપિયા આપ્યા ન હતા અને ''થોડીવારમાં ચેક લઈને આવું છું'' તેમ કહીને ત્યાંથી જતો રહ્યો હતો.

આ પ્રકારે ક્વાટસ સીન્ક (ટાઈલ્સ)નો કુલ રૂપિયા ૧,૬૮,૦૨૦નો ઓર્ડર મેળવીને માલ પડાવી લીધા બાદ પણ કોઈ રકમ કે ચેક આપવામાં આવ્યો ન હતો. આ બાબતે અગાઉ પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી. તે સમયે સામેવાળા શખ્સે પોતે માલના રૂપિયા આપી દેશે તેમ જણાવ્યું હતું, પરંતુ ત્યારબાદ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આથી આખરે કંટાળીને વેપારીએ હવે આ બાબતની ધોરણસરની ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશન આવ્યા હતા. ફરિયાદની સાથે શની પટેલ સાથે વોટ્સએપમાં થયેલી વાતચીતના સ્ક્રીનશોટ પણ પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે પી.એન. ગોહિલ દ્વારા આગળની કાયદેસરની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ફાયર સેફ્ટી માળખામાં સુધારા જાહેર : હાઈ-રાઈઝ ઈમારતો માટે લોખંડી જોગવાઈઓ

ઊંચી ઈમારતો-શૈક્ષણિક સંકુલો માટે સર્ટિફિકેટ ફરજિયાત

હોસ્પિટલ-પેટ્રોલ પંપનો પણ સમાવેશ : બેદરકારી દાખવનાર સામે સીલિંગ અને કડક દંડાત્મક કાર્યવાહીની ચેતવણી



રાજકોટ, તા. ૨૫

ગુજરાત રાજ્યમાં નાગરિકોની જાનમાલની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ફાયર સેફ્ટી માળખામાં ક્રાંતિકારી અને યુગપ્રવર્તક સુધારાઓની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં થઈ રહેલાં અનિયંત્રિત બાંધકામો, ઝડપથી વિકસી રહેલી વાણિજ્યિક ગતિવિધિઓ અને ભવિષ્યમાં સર્જાઈ શકતી અગ્નિ દુર્ઘટનાઓને અટકાવવા માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે. અગાઉ બનેલી દર્દનાક આગની ઘટનાઓમાંથી ગંભીર બોધપાઠ લઈને શહેરી વિકાસ વિભાગે મોનિટરિંગ સિસ્ટમમાં રહેલી તમામ ખામીઓને દૂર કરી તેને વધુ પારદર્શક, જવાબદારીપૂર્ણ અને સખત બનાવી છે. આ સંદર્ભે જાહેર કરવામાં આવેલા અધિકૃત નોટિફિકેશન અનુસાર રાજ્યમાં 'ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ સુધારા નિયમો ૨૦૨૬' તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યા છે.

નવા અમલમાં આવેલા આ નિયમો હેઠળ હવે કાગળ પર ચાલતી ચકાસણીઓ અને માત્ર ઔપચારિકતાઓની પ્રક્રિયાનો કાયમી અંત આણી દેવાયો છે. તંત્ર દ્વારા વાસ્તવિક ઓન-સાઇટ સુરક્ષા સાધનોની ઉપલબ્ધતા, તેમની ગુણવત્તા અને દરેક કટોકટી વખતે તેમની ક્ષમતા તથા કાર્યક્ષમતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. રાજ્ય સરકાર તરફથી સ્પષ્ટ અને કડક શબ્દોમાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે જે પણ રહેણાંક કે વાણિજ્યિક સંકુલ નિર્ધારિત માપદંડો અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં નિષ્ફળ જશે, તેમની સામે કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વિના સીલિંગ સહિતની કડકમાં કડક દંડાત્મક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

હાઈ-રાઈઝ ઈમારતો માટે લોખંડી જોગવાઈઓ અને ૬ મહિને સ્વ-ઘોષણાપત્ર રજૂ કરવાનો આદેશ

સામાન્ય રીતે બહુમાળી કે હાઈ-રાઈઝ બિલ્ડિંગોમાં જ્યારે અચાનક આગ લાગવાની ઘટના બને છે ત્યારે બચાવ કામગીરી હાથ ધરવી અને લોકોને સલામત બહાર કાઢવા સૌથી મુશ્કેલ અને પડકારજનક સાબિત થતા હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ૧૫ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી તમામ રહેણાંક તેમજ વાણિજ્યિક બિલ્ડિંગો માટે ફાયર સેફ્ટી પ્રમાણપત્ર મેળવવું અનિવાર્ય કરી દેવાયું છે. આ સુધારા અંતર્ગત આવી દરેક ઈમારતમાં ઓટોમેટિક સ્પ્રિંકલર સિસ્ટમ, હાઇડ્રન્ટ લાઇન, કટોકટી માટે ફાયર લિફ્ટ અને સ્મોક ડિટેક્ટર જેવા આધુનિક સાધનો ૨૪ કલાક સંપૂર્ણપણે કાર્યરત સ્થિતિમાં હોવા જરૂરી છે. આ ઉપરાંત સુરક્ષાની સતત ખાતરી જળવાઈ રહે તે માટે સોસાયટી કે બિલ્ડિંગ એસોસિએશને દર ૬ મહિને તમામ સુરક્ષા ઉપકરણોની ટેકનિકલ ચકાસણી કરાવીને તંત્ર સમક્ષ નવું સ્વ-ઘોષણાપત્ર રજૂ કરવું પડશે.

જનમેદની ધરાવતા સંકુલો, હોસ્પિટલો અને શાળાઓ-કોલેજો માટે કડક માપદંડ

જે સ્થળોએ દૈનિક ધોરણે મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય અથવા જ્યાં પૂરતી સ્વ-બચાવ ક્ષમતા ન ધરાવતા દર્દીઓ અને બાળકો હાજર હોય તેવા સંકુલો પર વિશેષ મોનિટરિંગ રાખવામાં આવશે. આ નિયમ હેઠળ ૯ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતા તમામ શૈક્ષણિક સંકુલો, શાળાઓ, કોલેજો અને હોસ્પિટલો માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવાનું ફરજિયાત બનાવાયું છે. સાથોસાથ ૫૦૦ ચોરસ મીટરથી વધુ બાંધકામ ક્ષેત્રફળ ધરાવતી તમામ હોટલો, શોપિંગ મોલ અને કોમર્શિયલ બિલ્ડિંગોને પણ આ નવા સુધારેલા નિયમોના વ્યાપમાં આવરી લેવાયા છે. કટોકટીના સમયે દર્દીઓ, વિદ્યાર્થીઓ કે સામાન્ય નાગરિકોની ઝડપી અને સુરક્ષિત નિકાસ શક્ય બને તે માટે સુવિધાયુક્ત ઈમરજન્સી એક્ઝિટ અને પહોળા રેમ્પની ઉપલબ્ધતા ફરજિયાત કાયદાકીય શરત બનાવવામાં આવી છે.

હંગામી પંડાલ, પેટ્રોલ પંપ અને મલ્ટીલેવલ પાર્કિંગ માટે કડક માર્ગદર્શિકા

જાહેર કાર્યક્રમો તેમજ અતિ સંવેદનશીલ વ્યવસાયિક એકમોમાં આગના જોખમને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રથમ વખત વિશેષ સઘન માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. કોઈપણ પ્રકારના સામાજિક, ધાર્મિક કે રાજકીય મેળાવડા અને મહોત્સવો માટે ઊભા કરાતા મંડપ, ટેન્ટ અને પંડાલ જેવા હંગામી બાંધકામો માટે પણ અગ્નિશામક સુરક્ષાના તમામ કાયદાઓ લાગુ પડશે. આ ઉપરાંત વાહનોની ભારે ગીચતા ધરાવતા તમામ મલ્ટીલેવલ કાર પાર્કિંગ તેમજ અત્યંત સંવેદનશીલ શ્રેણીમાં આવતા રાજ્યના તમામ પેટ્રોલ પંપોએ ફરજિયાતપણે ફાયર સર્ટિફિકેટ મેળવવું પડશે અને આવા સ્થળો પર પૂરતા પ્રમાણમાં ફોમ-બેઝ્ડ ફાયર એક્સ્ટિંગ્વિશર તથા રેતીની ડોલો રાખવી અનિવાર્ય બનાવવામાં આવી છે.

ઔદ્યોગિક એકમો માટે ૧ એપ્રિલથી અમલીકરણ અને ફાયર વિભાગની પૂર્ણ સજ્જતા

રાજ્યના વિશાળ ઔદ્યોગિક ક્ષેત્ર, કેમિકલ પ્લાન્ટ્સ અને ફેક્ટરીઓને આ સુધારેલા નિયમો સાથે અનુકૂલન સાધવા અને સુરક્ષા વ્યવસ્થા પૂરી કરવા માટે ચોક્કસ સમયમર્યાદા આપવામાં આવી છે, જે અનુસાર ઔદ્યોગિક એકમો માટે આ નિયમો આગામી ૧ એપ્રિલથી સંપૂર્ણપણે અમલી બની જશે. રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા તમામ મહાનગરપાલિકાઓ અને પ્રાદેશિક ફાયર કચેરીઓને સ્પષ્ટ આદેશ આપી દેવાયા છે કે તેઓ આપેલા સમયગાળા પૂર્વે જ તમામ રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક સંકુલોનું સ્થળ તપાસ (ઇન્સ્પેક્શન) પૂર્ણ કરી લે, જેથી કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના અટકાવી શકાય અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

તહેવારોમાં મોંઘવારીનો 'કરંટ'

ઘર-આંગણે વીજળી મોંઘી, ગરબા અને રોશની વચ્ચે વીજ બિલનો મોટો ઝટકો! યુનિટદીઠ બેઝ ચાર્જ ૨.૪૫ થયો, ઉપરથી ૩.૯૯% વેરિએબલ સરચાર્જનો 'બેવડો માર'



રાજકોટ, તા. ૨૫

ગુજરાતમાં નવરાત્રી, દિવાળી સહિતના આગામી તહેવારોના સમયગાળા દરમિયાન વીજ ગ્રાહકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજ્યની સરકારી વીજ વિતરણ કંપનીઓના ગ્રાહકો માટે ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ સરચાર્જ (FPPAS) ના નવા દર અમલમાં મૂકવામાં આવ્યા છે. નવા દર મુજબ, યુનિટદીઠ બેઝ ચાર્જ વધારીને રૂપિયા ૨.૪૫ કરવામાં આવ્યો છે અને તેની સાથે ૩.૯૯ ટકાનો વધારાનો વેરિએબલ સરચાર્જ પણ લાગુ કરાયો છે, જેના કારણે આગામી દિવસોમાં ગ્રાહકોના વીજ બિલમાં મોટો વધારો જોવા મળશે.

અગાઉ એપ્રિલથી જૂન ૨૦૨૬ દરમિયાન FPPAS નો બેઝ ચાર્જ પ્રતિ યુનિટ રૂપિયા ૨.૩૦ હતો અને તે સમયગાળા દરમિયાન વધારાનો વેરિએબલ સરચાર્જ શૂન્ય રાખવામાં આવ્યો હતો. હવે સરકાર અને વીજ કંપનીઓ દ્વારા બેઝ ચાર્જમાં સીધો ૧૫ પૈસાનો વધારો કરીને તેને પ્રતિ યુનિટ રૂપિયા ૨.૪૫ કરી દેવામાં આવ્યો છે. એટલું જ નહીં, આની સાથે ૩.૯૯ ટકા વેરિએબલ સરચાર્જ પણ જોડવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે આ ૩.૯૯ ટકા ટકાવારીની ગણતરી માત્ર પ્રતિ યુનિટના બેઝ ચાર્જ પર નહીં, પરંતુ સંબંધિત વીજ ચાર્જ પર થાય છે, જેના કારણે ગ્રાહકો પર આર્થિક ભારણ વધુ મજબૂતાઈથી આવશે.

ઘરેલું, વેપારી અને ઔદ્યોગિક ક્ષેત્રને સીધી અસર

વીજ કંપનીઓના આ નવા દરોની વ્યાપક અસર રાજ્યના ઘરેલું, વેપારી અને ઔદ્યોગિક એમ તમામ મુખ્ય વીજ ગ્રાહકો પર પડવાની છે. તહેવારોની મોસમમાં જ્યારે સામાન્ય નાગરિકો પોતાના ઘરોમાં રોશની અને લાઇટ-ડેકોરેશન કરતા હોય છે, ત્યારે આ વધારો તેમના માસિક બજેટને ડહોળી નાખશે. રહેણાંક મકાનો ઉપરાંત દુકાનો, શો-રૂમ, કોમર્શિયલ ઓફિસો અને કારખાનાંઓના વીજ જોડાણો ધરાવતા ગ્રાહકોને પણ હવેથી આ વધારાનો બોજ ચૂકવવો પડશે. જોકે, રાહતની વાત એ છે કે કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોને રાહત આપવાના હેતુસર ખેતીવાડીના વીજ જોડાણોને આ વધારામાંથી સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવ્યાં છે.

ગ્રાહકોને યુનિટદીઠ કેટલો પડશે વધારાનો બોજ?

ઉપલબ્ધ અહેવાલો મુજબ, નવા ચાર્જ અમલી બનવાને કારણે સામાન્ય અને અન્ય ગ્રાહકોને યુનિટદીઠ અંદાજે ૩૦ થી ૪૫ પૈસા જેટલો વધારાનો આર્થિક બોજ સહન કરવો પડી શકે છે. જોકે, ગ્રાહકનું આખરી બિલ કેટલું આવશે તે સંપૂર્ણપણે તેના ટેરિફ સ્લેબ, કુલ માસિક વીજ વપરાશ અને લાગુ પડતા અન્ય સરકારી ચાર્જિસ પર નિર્ભર રહેશે. આમ છતાં, તહેવારોના પર્વ ટાણે જ વીજ દર ઊંચકાતા સામાન્ય પ્રજામાં વ્યાપક અસંતોષ અને ચિંતાની લાગણી ફેલાઈ ગઈ છે.

રાજ્ય સરકારનો મોટો નિર્ણય

જરૂર પડશે ત્યાં દુષ્કાળ જાહેર કરાશે : બાવળિયા

ઓછા વરસાદવાળા વિસ્તારોનો સર્વે પૂરો, પાણી-ઘાસચારાની નહીં સર્જાય અછત



સરકારે શરૂ કરી તૈયારીઓ

રાજકોટ, તા. ૨૫

રાજ્યમાં અછતની સ્થિતિ અને ઓછા વરસાદને લઈને પેદા થયેલી ચિંતાઓ વચ્ચે રાજ્ય સરકારે ખેડૂતો અને નાગરિકો માટે મોટો આશ્વાસનરૂપ નિર્ણય લીધો છે. જળસંપત્તિ અને પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ એક અત્યંત મહત્વપૂર્ણ નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે કે રાજ્યમાં જે પણ વિસ્તારોમાં જરૂર જણાશે ત્યાં સરકાર ત્વરિત ધોરણે દુષ્કાળ જાહેર કરવામાં કોઈ જ પાછીપાની નહીં કરે. સરકાર અછતગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને તમામ સ્થિતિને પહોંચી વળવા માટે આગોતરું આયોજન પણ હાથ ધરી દેવાયું છે.

મંત્રી કુંવરજી બાવળીયાએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે રાજ્યમાં જે વિસ્તારોમાં ચાલુ મોસમ દરમિયાન ધાર્યા કરતાં ઓછો વરસાદ નોંધાયો છે, તેવા તમામ વિસ્તારોનો પાયાનો વિસ્તૃત સર્વે હવે પૂર્ણ કરી લેવામાં આવ્યો છે. આ સર્વે રિપોર્ટના આધારે જમીની હકીકત અને ખેડૂતોની સ્થિતિનો આંકલન કરવામાં આવી રહ્યો છે. સર્વે પ્રક્રિયા પૂર્ણ થતાં જ સરકારે યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી માટેની એક્શન પ્લાન તૈયાર કરવાનું આરંભી દીધું છે.

પાણીની જરૂરિયાત અંગે વાત કરતા તેમણે મક્કમતાપૂર્વક જણાવ્યું કે રાજ્યના કોઈપણ ખૂણે પાણીની અછત સર્જાવા દેવામાં નહીં આવે. જે વિસ્તારોમાં પીવાના કે સિંચાઈના પાણીની કટોકટી ઊભી થશે, ત્યાં તાત્કાલિક અસરથી પાણી પહોંચાડવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે. જરૂરિયાત મુજબ પાઇપલાઇન તેમજ કેનાલ નેટવર્ક મારફતે પાણી પહોંચાડવામાં આવશે અને છેવાડાના ગામડાઓ સુધી પાણીનો પુરવઠો સખત રીતે જાળવી રખાશે. આ ઉપરાંત, દુષ્કાળ કે અછત જેવા સમયે પશુપાલકો અને પશુધનની સુરક્ષા પણ સરકાર માટે એટલી જ પ્રાથમિકતા ધરાવે છે. આ બાબતને ગંભીરતાથી લેતા સરકારે રાજ્યના તમામ સંબંધિત વિભાગો પાસેથી ઘાસચારાની વર્તમાન સ્થિતિ, ઉપલબ્ધ સ્ટોક અને આવનારી જરૂરિયાતો અંગેનો વિસ્તૃત રિપોર્ટ મેળવી લીધો છે. પશુઓને પૂરતો ઘાસચારો મળી રહે અને પશુપાલકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પણ સરકારે આગોતરી વ્યવસ્થા સુનિશ્ચિત કરી લીધી છે. તંત્ર સંપૂર્ણપણે સતર્ક છે અને જરૂર પડતાં જ અછતગ્રસ્ત વિસ્તારોમાં સત્તાવાર જાહેરાતો કરીને રાહત કાર્યો પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવશે.

મનપાનો કારોબાર : ડામર રોડ બેહાલ, છતાં 'પ્રસિદ્ધિના તાયફા'

મલાઈ ખાનારા મસ્ત, પ્રજાના રૂપિયા ભ્રષ્ટાચારના ખાડામાં

ડામરના રસ્તા પાછળ કરોડો રૂપિયા પધરાવાયા છતાં દર ચોમાસે પ્રજા બને છે ભોગ : પ્રજાના પરસેવાની કમાણીનો કેવો બેફામ દુરુપયોગ



રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકામાં પ્રજાના પરસેવાની કમાણીનો કેવો બેફામ દુરુપયોગ થઈ રહ્યો છે તેની પોલ ખોલતા અત્યંત ચોંકાવનારા અને આંખો ફાટી જાય તેવા આંકડાઓ સામે આવ્યા છે. એક તરફ રાજકોટવાસીઓ દર વર્ષે ચોમાસામાં ખાડાવાળા અને હાડપીંજર બની ગયેલા રસ્તાઓની કાયમી સમસ્યાથી ત્રાહિમામ્ પોકારી ગયા છે, તો બીજી તરફ કરોડો રૂપિયા ડામરના નામે ભ્રષ્ટાચારની ભેટ ચઢી રહ્યા છે. વહીવટી તંત્રની આ પકડહીન, મનસ્વી અને કથિત 'કટકીબાજી' વાળી નીતિ સામે પ્રજામાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. રાજકોટમાં રસ્તાઓની હાલત એટલી બદતર થઈ ગઈ છે કે જાણે ડામરના બદલે લોટ, પાણી અને લાકડાંથી રોડ બનતા હોય! સામાન્ય વરસાદમાં પણ રસ્તાઓની હાલત બેહાલ થઈ જાય છે અને જો પાંચથી છ ઈંચ વરસાદ ખાબકે, તો તંત્રનો ભ્રષ્ટાચાર મોઢું ફાડીને બહાર આવી જાય છે. મનપા દ્વારા અપાતા ડામર રોડના કોન્ટ્રાક્ટમાં કોર્પોરેટરથી માંડીને વોર્ડના ઇજનેર, સંબંધિત વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓ સુધીની 'ફિક્સ ટકાવારી' મલાઇ તારવી લેવામાં આવતી હોવાની ચર્ચાઓ જગજાહેર છે.

છેલ્લા પાંચ વર્ષ (૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭) દરમિયાન માત્ર રોડ રિપેરિંગ, ચરેડા બુરવા અને વરસાદમાં ધોવાણ થયેલા રસ્તાઓના ગાબડાં પૂરવા પાછળ પ્રજાની કમાણીના અધધધ ૪૪૦ કરોડ રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છે. સૌથી શરમજનક બાબત તો એ છે કે સ્ટેન્ડિંગ કમિટીની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના જ લાખો રૂપિયાના બિલ બારોબાર પાસ કરી દેવામાં આવ્યા છે અને કોન્ટ્રાક્ટરોના નાણાં ચૂકવાયા બાદ દરખાસ્તો મંજૂરી માટે મોકલવામાં આવતી હોવાના શંકાસ્પદ કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. બે કે ત્રણ વર્ષની ગેરંટી સાથે બનેલા નવા નકોર રસ્તાઓ પણ ધોવાઈને હાડપીંજર બની ગયા છે, પરંતુ આવા ગેરેન્ટેડ રસ્તાઓ ક્યા અને કેટલા છે તથા કોન્ટ્રાક્ટરના ખર્ચે કેટલા રસ્તા સુધારવામાં આવ્યા તેની વિગતો આપવાથી બાંધકામ શાખાના ઈજનેરો સાસુ છૂપાવી રહ્યા છે. રોડના આ બેફામ ભ્રષ્ટાચારના ખાડા પૂરવા માટે પાયડીનો વળ છેડે લાવવા અન્ય વિકાસના કાર્યોના બજેટમાં કાતર ફેરવીને હેડ ફેર કરવાની નોબત આવી છે.પ્રજાના ટેક્સના નાણાંની કઈ રીતે નિર્દયતાથી હોળી થઈ રહી છે તેની એક ચોંકાવનારી વિગત સામે આવી છે. શહેરના રસ્તાઓ દર ચોમાસે ધોવાઈને હાડપીંજર બની જાય છે, છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. કારણ કે, મનપા દ્વારા આપવામાં આવતા ડામર રોડના કોન્ટ્રાક્ટમાં કમિશન અને 'મલાઈ' તારવવાનો મોટો ખેલ ચાલે છે. કોર્પોરેટરથી માંડી વોર્ડના ઈજનેર, સંબંધિત વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓ સુધી 'ફિક્સ ટકાવારી' પહોંચાડવાના પાપે ટકાવારીનો આ ખર્ચ કાઢવા માટે કોન્ટ્રાક્ટરો રોડના કામમાં લોટ, પાણીને લાકડાં કરી રહ્યા છે. સામાન્ય વરસાદમાં તો રોડ બેહાલ બને જ છે, પરંતુ એકસાથે પાંચ-છ ઈંચ વરસાદ પડે એટલે ભ્રષ્ટાચાર મોઢું ફાડીને બહાર આવે છે.

એક તરફ માળખાકીય સુવિધાઓ અને રસ્તાઓ માટે ભંડોળ ખૂટતું હોવાની બૂમો પડે છે, તો બીજી તરફ રાજકોટ મનપાના સમાજ કલ્યાણ અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા પ્રજાના કરવેરાના નાણાં વૈભવી સમારંભો, રજવાડી ભોજનિયાઓ અને અંગત પ્રસિદ્ધિ પાછળ બેફામ ઉડાડવામાં આવી રહ્યા છે. ગત જનરલ બોર્ડની બેઠકમાં વોર્ડ નં. ૧૫ના મહિલા કોર્પોરેટર સુધાબા વાઘેલા દ્વારા માંગવામાં આવેલી લેખિત વિગતો મુજબ, સમાજ કલ્યાણ અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષના ટૂંકા ગાળામાં ડાયરા, સંગીત સંધ્યા, લોકાર્પણ-ઉદ્ઘાટન સમારંભો જેવા ૯૦થી વધુ ભવ્ય સ્ટેજ પ્રોગ્રામો યોજવામાં આવ્યા છે.

આ તમામ સાંસ્કૃતિક તાયફાઓ પાછળ કુલ ૧૯.૪૧ કરોડ રૂપિયાનો તોતિંગ ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. આશ્ચર્યની પરાકાષ્ઠા તો એ છે કે આ જંગી રકમમાંથી ૧૬ કરોડ ૭૬ લાખ રૂપિયા જેટલી માતબર રકમ કોઈપણ પ્રકારની ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા વગર કે સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી લીધા વગર જ 'રેટ કોન્ટ્રાક્ટર'ના વહીવટ હેઠળ બારોબાર વાપરી નાખવામાં આવી છે. લોકહિત અને સમાજ કલ્યાણના બણગા ફૂંકતું તંત્ર વાસ્તવમાં કટકીબાજો અને વહીવટદારોના હિત માટે પ્રજાના પરસેવાની કમાણી પાણીની જેમ વહાવી રહ્યું છે, જેના કારણે રાજકોટની સામાન્ય જનતા અસહાય બનીને આ ભ્રષ્ટાચાર જોઈ રહી છે.